


# ગુણાતીત જ્યોત

ગુણરૂપ દેહ પરભાવમાં જોડવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૨, અંક : ૭, તા.૨૧મી જુલાઈ, ૨૦૨૨, સંવત – ૨૦૭૮ અષાઢ વદ – ૮, ગુરુવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦









પ.પૂ.બેનના ૧૦૮મા પ્રાગટ્ય પ્રારંભ નિમિત્તે
મહાપૂજા અને ઉજવણીની સ્મૃતિ ઝલક...












# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ દેહ ધરવામાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

**સંજીવની મંત્ર : ૧૦**

**આધ્યાત્મિક સમતા રાખવા શૂરવીર બનો. વિજય તમારો છે જ. – પપ્પા**



### શ્રીજી રસામૃત

મોટાપુરષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કોઈ વિધિ નિષેધમાં વિશેષ જણાતું નથી. પણ અંતે મોટા પુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે; જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ...

(વચ.ગ.મ.૬)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

ભગવાનની ઉપાસનાનું બળ હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ એમ સમજે જે દેહ તો પડી જશે ને આપણે ભગવાનના ધામમાં જાશું, એમ સમજીને સુખિયો રહે. (સ્વામીની વાતુ પ્રક.૧ની ૫૬મી વાત)



### દિવ્યામૃત

સાક્ષીભાવ રાખી જે થાય તે જોયા જ કરો ને મહારાજ કામ કરતા દેખાય ત્યાં સુધી ધીરજ અને શાંતિ રાખી અંતરથી ભજન કર્યા કરો. આનંદ આનંદ છવાઈ જશે. પછી જે ભક્તિરૂપ લાગે તે ને તેમ કરો.

(તા.૧૫.૭.૧૯૮૨)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૩ | જંગમમંદિરોની સ્મૃતિયાત્રા... | ૬ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ | સત્સંગ સમાચાર... | ૧૬ |
| પ.પૂ.સોનાબાના પ્રાગટ્યદિને... | ૫ | ગુરુહરિ પપ્પાજીમહારાજના આશીર્વાદ... | ૨૪ |



# પપ્પાજીની પરાવાણી...

અક્ષરધામની સમાધિમાં નિરંતર રહ્યા થકા, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની ઉપાસના કરવારૂપી ગુણાતીતભાવમાં આપણું આખું તંત્ર રહે ને તે સમાધિમા રહ્યા થકા, એક નારાયણની જ ભક્તિરૂપ હોય તેવા જ સંકલ્પ, ભાવ ને ક્રિયાના વિચાર કરી શકાય તેવું તંત્ર બનાવવું છે.

આપણે ખૂબ નસીબદાર છીએ કે અખંડ ગુણાતીતભાવમાં વિચરતા સ્વરૂપો મળી ગયા. તેમની સાથે હેત કરાવી દીધું. આપણી જે પ્રકૃત્તિ હોય તે તેમને રાજી કરવા વાપરીએ. સત્વગુણી પ્રકૃત્તિ છે તો ભજન કરીએ, સ્વાધ્યાય કરીએ, મહાપૂજા કરીએ... રજોગુણી પ્રકૃત્તિ છે તો સમૈયાનું ગોઠવો, ભજનો બનાવો, કાર્યક્રમ બનાવો... આવા વિધ વિધ સરસમાં સરસ આયોજન કરીએ... તમોગુણી પ્રકૃત્તિ હોય તો તે રક્ષા કરવાનું કાર્ય કરે... આમ પોતાની પ્રકૃત્તિ ભગવાનની, સ્વરૂપોની આજ્ઞાથી ભક્તિ અર્થે વપરાય તો તેનું રૂપાંતર થઈ જશે.

આ લક્ષ્મણબાપા, તેમને પ્રોગ્રામ બનાવવાનું કહીએ તો... ? ને જસુબેનને કહીએ કે 'તમે દરવાજો સાચવો. લક્ષ્મણબાપા કથા કરશે.' તો આપણે સૌ કહીશું કે, 'રહેવા દ્યો... જસુબેન કથા કરશે ને લક્ષ્મણબાપા દરવાજાની સેવા કરશે.' કહેવાનું શું કે, જે જેની આવડત છે તેને ગુણાતીતભાવમાં રહેતા થવા વાપરવી છે.

તમને બધાને ખબર છે ને કે હું બાપાની સેવા કરવા ગયો'તો. બ્રહ્મક્ષત્રિયની વાડી રાખી'તી. ને એક મોટો હૉલ હતો તેમાં અમે બધાય ને જોગીબાપા સૂતેલા. જોગીબાપાને કોઈના નાખોરા બોલે તો ડખલ થાય, ઊંઘ ના આવે. પછી મેં સેવકોને કહ્યું કે, 'હું રહીશ.' બાપા સૂતા. જરા એમને શરદી જેવું હતું. હું બાજુમાં પથારી કરી બેઠો હતો. થોડીવારે બાપા કહે, 'હવે તમે સૂઈ જાય.' ને હું તો સૂતો અને પછી મીલ શરૂ થઈ મારા નોખારાં બોલવા માંડ્યા. એક જણ કહે, 'ભઈ તમે કોણ છો ?' હું તે વખતે નવો નવો આફ્રિકાથી આવેલો. મેં મનથી નક્કી કર્યું કે હું જાગતો બેસીશ. તેમ કર્યું તો બેઠે બેઠેય નોખારા ચાલુ થઈ ગ્યા. પછી બધાં કહે તો ખરાંને... પછી હું તો બહાર ગયો ને સેવકને કહ્યું, તમે સેવામાં રહો. હું બહાર રહીશ. તે દિવસથી ખો ભૂલી ગયો કે આ આપણું કામ નહીં.

તેવું એક વખત મારો જ નાસ્તાનો વાટકો સાફ કરવા બાથરૂમમાં મૂક્યો હશે તો થયું કે હું સાફ કરી દઉં. સાફ તો કર્યો પણ લૂગડેથી લૂછવા ગયો ને હાથમાંથી છટક્યો તે ચૂરેચૂરા થઈ ગયા. ત્યારનો દા'ડોને આજની ઘડી કે આ આપણું કામ નહીં. પછી થયું કે આપણી જે આવડત છે તે જ કરોને !

કહેવાનો ભાવાર્થ શું કે, સેવા કરતાં અસેવા થઈ જાય તેના કરતાં અંગની સેવા કરીએ. પ્રભુની પ્રસન્નતા અર્થે કરીએ તો ગમે તેવી પ્રકૃત્તિ હશે તે બધી જ દિવ્ય થઈ જશે... ગુણાતીતભાવમાં રહેતા થવા માટે માહાત્મ્યેયુક્ત સેવા કરવી. હરે..(તા.૧૩.૧૨.૧૯૮૫)



## પ.પૂ.સોનાબાના પ્રાગટ્યદિને...

શ્રાવણ સુદ બીજ એટલે આપણાં વહાલાં સોનાબાનો પ્રાગટ્યદિન. 'બા' શબ્દ બોલતા જ તન, મન, આત્માથી આનંદસભર બની જવાય. હર્ષના ભાવ ઉભરાય. તેવા વહાલા સોનાબાની મમતાભરી મૂર્તિના દર્શનથી હૈયામાં શીતળતાની અનુભૂતિ થાય છે. તેમના સ્મરણમાત્રથી હૈયું પવિત્ર બને છે. તેમના અલ્પ વચનથી સાધનાપથ સુખમય બન્યો છે. એવા સોનાબાને અનંત વંદન.

આપણા જીવનમાં ક્યારેક ગ્લાનિ, કોઈવાર ઉત્સાહ કે ઉદાસીનતા આવે ત્યારે સોનાબાને સંભારતા પ્રભુ સંગે તાર જોડાઈ જાય ને જીવનમાં સમત્વની અનુભૂતિ થાય. અને યાદ આવી જાય કે,

ચૈતન્ય માત એ જ કે આસું લૂછયા કરે,
બસ પ્રેમ પ્રેમ પ્રેમથી ખમ્યા સદા કરે...

સોનાબાની આ આગવી લાક્ષણિકતા હતી કોઈને રડતા જોઈ શકતા નહીં. એને આનંદમાં લાવવા, એની મૂંઝવણ ટાળવા જે કરવું પડે તે બા કરતાં. ભીડાને ભક્તિ માનીને વર્તતાં. તો જરૂરે ભક્તના વકીલ બનીને બાપા, કાકાજી, પપ્પાજી જેવા સ્વરૂપ પાસે પ્રત્યક્ષ ને પરોક્ષ જે યોગ્ય લાગે તે રીતે અરજ કરતાં. પ્રત્યક્ષ સ્વરૂપોનો મહિમા ગાઈને ભક્તોનું સાધકોનું જતન કર્યું છે. દિવ્ય બખ્તર બાંધ્યું છે. આમ બાએ નિર્વ્યાજ પ્રેમ વરસાવી સૌને બળિયા બનાવ્યા. એટલે જ સર્વ મુક્તોના હૃદયમાં બાનું સ્થાન અનેરું છે.

સોનાબા પ્રભુસભર જીવ્યાં ને તેવું સંબંધમાં આવનાર સૌને શીખવ્યું છે. સદાય હસતા રહેવું ને આનંદથી માહાત્મ્યથી સેવા કરવી, દરેકનો ગુણ લેવો ને ગાવો એ ગળથૂથીમાં પાયું છે.

સોનાબા હરહંમેશ કહેતાં કે, પ્રભુને ઉપાયભૂત કરતાં શીખો, બધું જ પ્રત્યક્ષ સ્વરૂપને માથે નાખી દેશો તો માન થશે, અપમાન થશે ત્યારે સુખ, દુઃખ નહીં લાગે. સમતા રહેશે. બા કહેતાં કે, કથામાં બેસીએ તો પ્રાર્થના કરીને બેસવું. કોક શબ્દ પકડાઈ જાય તો પ્રસંગે પ્રભુની રીતે જીવવાનું જાણપણું આવી જાય.

આપણને બાએ પ્રાર્થના શીખવી છે કે, 'હે મહારાજ! તમે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ પ્રત્યક્ષ સ્વરૂપે આ પૃથ્વી પર અખંડ છો જ. તમે અક્ષરધામમાંથી આવ્યા ને અમારો ભેટો કર્યો ! તો અમારા ચૈતન્યમાં જે ડાઘ હોય, જન્મ ધરાવે એવી, દુઃખ કરાવે એવી વૃત્તિઓ હોય તે ધીમે ધીમે કાઢજો. હળવા હાથે મહિડાં વલોવજો. માખણમાંથી મુવાળો કાઢો તેમ કાઢજો. અમને દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિ રખાવજો. અમને નીરવ બનાવજો. ને અમારું મન તમારાથી સભર રહે તેવી કૃપા તમે જ કરજો.'

નિત સવારે ગદ્ગદ્ કંઠે આવી પ્રાર્થના કરી, પ્રભુના આશરામાં જીવવાનું બળ માગી લઈએ. જેથી સુખ, શાંતિ, આનંદથી સાધના થાય.

તો હે સોનાબા ! અમને આ પ્રાર્થના પ્રમાણે જીવવાનું અખૂટ બળ મળે, સદાય પ્રભુસભર રહીને જીવીએ તેવી અમારી પ્રાર્થના સ્વીકારજો.

# ગુણાતીતભાવને પામેલાં જંગમમંદિરોની સ્મૃતિયાત્રા...





## પરમ પૂજ્ય હંસાદીદી

**ભક્તિ સદા શુદ્ધ પતિવ્રતાની, પ્રાર્થનાથી પરબ્રહ્મ સંગી,**
**જેની વિચારશક્તિ સંકલ્પ સમી, ગુણાતીત આદર્શે વાપરી;**
**જ્ઞાનામૃતે સૂઝ–શક્તિ દે ભરી, સૂર સ્પષ્ટ સારપ ના કદી,**
**સમર્પિત બંસી હંસાદીદીસ્વામી, માહાત્મ્યથી રહીએ સૌ નમી.**

### ગુણાતીત જ્યોતના જંગમ મંદિરોનો તૃતીય આધાર સ્તંભ પરમ પૂજ્ય હંસાદીદી

પરમ તત્ત્વનું પૃથ્વી પર અવતરણ થાય છે ત્યારે પોતાના અકળ સ્વરૂપનું ગૂઢ રહસ્ય સમજાવવા ને અવતાર કાર્યમાં સહયોગી બનાવવા પોતાના અંશ સ્વરૂપોને સાથે લઈને પધારે છે એવા અંશ સ્વરૂપ પ.પૂ.દીદીના જીવનકાર્યને માણીએ.

પ.પૂ.દીદીના બાપુજીના વડદાદા લવજીભાઈ દવે શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રત્યક્ષ યોગમાં આવેલા ને તેમની ભક્તિ કરતાં. લવજીભાઈને વેલજી નામનો એક પુત્ર હતો. લવજીભાઈ નાની વયે વિધુર બન્યા ત્યારે ગુરુ ગોપાળાનંદસ્વામીજીએ આશિષ આપેલાં કે, 'ભલે લવજીભાઈ ફરી ના પરણે પણ આ વેલાનો વેલો વધશે...' ને તે વેલજીભાઈના પુત્ર ભાઈશંકરભાઈ ને તેમના પુત્ર ત્રિભોવનદાસ ને તેમના પાંચ પુત્રોમાં ભગવતરાયભાઈ એ આપણા દીદીના પિતાશ્રી. આમ વારસાગત દીદીના કુટુંબને સ્વામિનારાયણ ધર્મ મળ્યો.

શાસ્ત્રો જેને નેતિ નેતિ કહીને પોકારે છે એવા પરબ્રહ્મના ધારક શ્રી શાસ્ત્રીજીમહારાજ, શ્રી યોગીજીમહારાજ, શ્રી પપ્પાજી, શ્રી કાકાજી જેવા પ્રત્યક્ષ સ્વરૂપોનો યોગ પૂ.ભગવતરાયભાઈ અને શાંતાબેનને મળતો રહ્યો. ને તેમની ચારેય દીકરીઓને આ સત્સંગના સંસ્કાર ગળથૂથીમાંથી જ મળ્યા.

શ્રી હરિએ જે યુગકાર્ય માટે દીદીને આ અવનિએ અવતરણ કરાવ્યું તેનો પ્રારંભ દીદીની બાળવયથી થવા લાગ્યો. નાની ઉંમરથી જ દીદી પ્રભુ સાથે વાતો કરતા ને પ્રભુભક્તિના કીર્તનો બનાવતાં... તેમાંય વિશેષ નસીબવંતી ઈ.સ.૧૯૫૬ની સાલ, બ્રાહ્મણ જ્ઞાતિના દીદીએ પટેલ જ્ઞાતિના પ.પૂ.બાબુભાઈના (પપ્પાજી), પ.પૂ.દાદુભાઈના (કાકાજી) આશરે પ.પૂ.સોનાબાની દીકરીઓ પ.પૂ.તારાબેન, પ.પૂ.જ્યોતિબેન સાથે તારદેવમાં ભગવાન ભજવાનું નક્કી કર્યું. સગાં વ્હાલાં ને હરિભક્તોએ આ નિર્ણયને શિક્ષાપત્રી વિરુદ્ધ ઠેરવ્યો. ચૈતન્યને નાત શું ? ને જાત શું ? આત્માને બ્રહ્મ સિવાય કોઈ વર્ણ ના હોય તેવું માનનારા દીદીએ શૂરવીરતાથી, એ વખતના આ રૂઢિચુસ્ત જમાનામાં ભાગવત ધર્મ પાસે વર્ણાશ્રમના ધર્મ ગૌણ કર્યા ને બ્રહ્મરૂપ રહી પરબ્રહ્મની ઉપાસના કરતાં જ રહ્યાં. તો યોગીજીમહારાજે તેમનો રાહ સરળ ને સુગમ કરી દીધો. ને ભગવતરાયભાઈના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, 'ભગવાન ભજવા હોય તેને નાત, જાતનું કોઈ બંધન રહેતું નથી...' ને બાપુજીની દ્વિધા પણ ઉકલી ગઈ. આમ ભક્તિમાર્ગમાં બહેનો માટે દીદીએ વર્ણાશ્રમના નિયમોમાં ક્રાંતિ સર્જી તો વિધવિધ જ્ઞાતિના બહેનો જ્યોતમાં પ્રવેશી ને તે સૌની

બ્રહ્મની નાત બની ગઈ.

એવાં દીદીએ આતમ ભેદાયો તે પળથી પ્રત્યક્ષ સ્વરૂપ પપ્પાજીને પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ માનીને યથાર્થ સેવી લીધા. ને પ્રેરણા સૂઝ આપી કે, આપણે સૌએ અંતરથી પ્રાર્થના કરવી કે, 'હે પપ્પાજી ! તમારું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાવો.' પ્રત્યક્ષ સ્વરૂપનું જ મનન-ચિંતવન ને સ્મૃતિ કરવાથી ચૈતન્ય શુદ્ધ બની જાય તેવી વ્રત-તપ-જપ વગરની સરળ રીતિ શીખવી. પોતે ગુણાતીતભાવને પામીને પ્રભુનું ધામ બનીને પળેપળ વર્તી રહ્યાં છે ને સંબંધમાં આવનાર ચૈતન્યોને ધામરૂપ બનાવવાની પરાભક્તિ કરી રહ્યાં છે તેવા ગુણાતીત સ્વરૂપ પ.પૂ.દીદીને અનંત વંદન.

પ્રત્યક્ષની નિષ્ઠાવાળા માતુશ્રી શાંતાબા અને પિતાશ્રી ભગવતરાયભાઈને ત્યાં, ભાવનગરની ધરતી પર, સંવત ૧૯૯૨ની શ્રાવણ સુદ-બીજ, ઈ.સ.૧૯૩૬ની ૨૦મી જુલાઈના, દીદીનું પ્રાગટ્ય થયું. બાપુજીએ હંસા નામ પાડ્યું. બા ડોલી ને બાપુજી ડોલરના હુલામણા નામથી બોલાવતા. ...૧૯૭૩માં હંસાબેન પ્રથમવાર ઈંગ્લૅન્ડ પધાર્યા. ભક્તો સાથેની તેમની રસબસતાથી સૌએ દીદી તરીકે બિરદાવ્યાં. ત્યારથી આપણા સૌનાં લાડીલા દીદી બન્યાં.

જ્યારે શાંતાબા ને ભગવતરાયભાઈએ મુંબઈમાં માટુંગાનું ઘર લીધું ત્યારે અઢી વર્ષના દીદીના હાથે તે ઘરમાં કુંભ મૂકાવી ત્યાં રહેવા ગયા. ઘરમાં પગ મૂકતાં જ શાંતાબાને પ્રત્યક્ષ ભગવાન મળશે તેવી અનુભૂતિ થઈ. ને ઈ.સ.૧૯૪૦માં દીદીની ચાર વર્ષની ઉંમરે શ્રી શાસ્ત્રીજીમહારાજનો ને ઈ.સ.૧૯૪૧માં શ્રી યોગીજીમહારાજનો યોગ આખા કુટુંબને થયો. આ બંને સ્વરૂપોની દ્રષ્ટિમાં દીદી બાલવયે આવી ગયાં ને આશિષ પામતાં ગયાં.

દીદી નાનપણથી તેજસ્વી, હોંશિયાર ને ચપળ. ૧૦ વર્ષનાં દીદી બાપુજીને પૂછે છે કે, 'આપણે જન્મ કેમ લેવો પડે ?' બાપુજી કહે, 'વાસનાને લીધે.' તરત દીદીએ કહ્યું કે, 'આ જન્મે તો હું વાસના ટાળીને જ જઈશ.' ને આ સંકલ્પ જીવનમાં ચરિતાર્થ કરી અનેકને વાસનામુકત બનાવવાની પરાભક્તિ કરી રહ્યાં છે.

શાંતાબાએ દીદીને બાળપણથી મૂર્તિને પ્રત્યક્ષ માની વાત કરતાં શીખવ્યું. ૧૨ વર્ષની વયે એકવાર દીદી ફિલ્મી ગીત ગાતાં હતાં. તો બાએ કહ્યું, 'બેટા! આપણે સત્સંગી છીએ. આવાં ગીત ના ગવાય. આ રાગના ભજન બનાવીને તું ગા.' સરળ દીદીએ આ વાત માની લીધી. ભજન બનાવવાનો પ્રારંભ થઈ ગયો ને કવિત્વ વિકસ્યું. તો આજે આપણને દીદી થકી વિધ વિધ પ્રકારના ૯૦૦થી વધુ કીર્તનોની ભેટ મળી. ને પ્રભુમાં લીન થવાનું સુગમ થયું.

ઈ.સ.૧૯૪૮માં શ્રી શાસ્ત્રીજીમહારાજની રૂપાજયંતી ઉજવવા આફ્રિકાથી આવેલા હરિભક્તોના સ્વાગત સમારંભમાં પૂ.નિર્ગુણસ્વામીની આજ્ઞાથી દીદીએ 'લાખ લાખ ફૂલડાંની માળા ગૂંથી છે...' એ ભજન બનાવીને ગાયું હતું ને મગનબાપાએ રાજી થઈને પોતાનો સુવર્ણચંદ્રક ભેટ આપેલો.

તેવું જ માટુંગામાં ગાંધી હોલના ઉદ્‌ઘાટન પ્રસંગે ગાંધીબાપુના જીવનની ઝાંખી કરાવતા – 'સુદામાપુરીમાં જન્મ્યા બાપુ' અને 'ધિક્કારું ગોડસે હાથ...' આ બંને ભજન બનાવેલાં જે સન્માનને પાત્ર બનેલાં.

દીદીને લેખનનો પણ શોખ તો વિધ વિધ લખાણ લખતાં. પ્રોગ્રામમાં રહેતાં. આમ દીદીની કિશોર, યુવા અવસ્થા મોજીલી, રસિક ને આનંદકારી હતી.

દીદીએ બાલવાડીથી પી.ટી.સી. સુધીનું શિક્ષણ મુંબઈમાં લીધું. પી.ટી.સી.માં એડમીશન લેવાનું હતું ત્યારે દીદીની ઉંમર નાની પડી તો ઘરમાં બાલમંદિર શરૂ કર્યું ને બાળકોને સ્નેહથી મોજ મજા કરાવતાં.

ઈ.સ.૧૯૫૨માં શ્રી કાકાજીને સાક્ષાત્કાર થયો... શ્રી યોગીજીએ ભગવતરાયભાઈને તારદેવ જવા પત્ર લખ્યો... આમ શ્રી યોગીજીએ કૃપા કરીને તારદેવના ૮૪ પગથિયાં ચડાવી લખચોરાશી ટાળી દીધી. ને આખા કુટુંબને શ્રી પપ્પાજી શ્રી કાકાજી અને શ્રી સોનાબાનો પ્રત્યક્ષ યોગ મળી ગયો. આ જ વર્ષમાં દીદીને વનિતા વિશ્રામ ટ્રેનીંગ કોલેજ પી.ટી.સી.માં એડમીશન મળી ગયું. બે વર્ષમાં ભણતર પૂરું થયું. ને ઈ.સ.૧૯૫૪માં

કીંગ જ્યોર્જ સ્કૂલમાં પ્રાયમરી વિભાગમાં શિક્ષિકાની નોકરી મળી ગઈ જે ઈ.સ.૧૯૬૩ સુધી કરી.

દર રવિવારે દીદી અને તેમના કુટુંબીજનો તારદેવ જતાં. કથાવાર્તા, સેવાનો લાભ લેતાં. શાંતાબાએ દીદીને કહ્યું કે, 'તું એકની થવા નથી જન્મી. તું અનેકની થા. ભગવાન ભજ.' ત્યારે દીદીએ શાંતાબાને કહેલું કે, 'મોટી બેન દેવીબેનને ભજવા હોય તો ભલે ભજે. મારે નથી ભજવા...' તો વળી એકવાર સોનાબાએ દીદીને કહ્યું કે, 'છોડી ભગવાન ભજ નહીં તો મારા જેવી કરીને પણ ભજાવશે...'

આ જ અરસામાં એકવાર તારદેવમાં પપ્પાજી કથા કરતા હતા. દીદીની સામે જોઈને કહ્યું કે, 'કશાય લપશીંદર કર્યા વગર આ સ્વરૂપ મળ્યું છે તેમાં જોડાઈ જાવ. માંગશો તો મળશે ને શોધશો તે જડશે.' તેમાં વળી પૂ.ભગવતરાયભાઈએ દેવીબેનના લગ્નનું ગોઠવ્યું તે શ્રી યોગીબાપાને વાત કરી. તો બાપાએ પૂછયું, 'હવે કેટલી દીકરીયું બાકી છે ? બાપુજીએ કહ્યું કે, 'બાપા! એક.' તો બાપા કહે, 'એનો ભાર અમારે માથે.' તેમાં વળી દીદી માટે સારા સારા ઠેકાણેથી માંગા પણ આવતાં હતાં. આમ પ્રભુએ દીદીને ભાવિ નિર્ણય માટે કસોટીની એરણ પર ચઢાવ્યાં. આ બધી પ્રભુપ્રેરિત માયામાં દીદીના મનમાં ઘમસાણ ચાલ્યું. ને બીજી બાજુ હૈયું આનંદતું કે, જોગીબાપાએ મારો ભાર માથે લીધો! પાછું મન વિચારે કે, પણ તે તો ભગવા વેશે છે... આમ વિચારોની સફર કરતાં કરતાં ઈ.સ.૧૯૫૪માં જઈ પહોંચ્યા ગોંડલ. ને ઘનશ્યામ મહારાજ પાસે માંગ્યું કે, હે મહારાજ ! હું તમારી છું મને રખડાવશો નહીં... ને ઈ.સ.૧૯૫૫માં પાછું સારંગપુર સમૈયામાં જવાનું થયું. શ્રી શાસ્ત્રીજીમહારાજની સમાધિએ દીદી પ્રદક્ષિણા કરતાં હતાં. ત્યાં પપ્પાજી પધાર્યા ને પ્રસાદીના ગુલાબમાંથી એક-બે પાંખડી દીદીને આપીને આશિષ આપ્યાં કે, 'લે તારો સંકલ્પ મહારાજ પૂરો કરશે...' ને એ દિવસ આવી ગયો. ૧૯૫૬ની એ સાલ. દીદી ને તેમનું કુટુંબ પપ્પાજી સાથે પાછું સારંગપુર સમૈયામાં પધાર્યું. ૬ઠ્ઠી જૂનનો એ દિવસ. દીદીનો આતમા ભેદાઈ ગયો. પપ્પાજી કલ્યાણના દાતા મનાઈ ગયા. જીવન ધ્યેયમાં હાલમ-ડોલમ થતું મન સ્થિર થઈ ગયું. દીદી દિવ્ય જીવનની યાત્રાના યાત્રિક બની ગયાં... મુંબઈ પહોંચી એકાંતિક ધર્મ સિદ્ધ કરવા પહોંચ્યા તારદેવ ધામે. આવકાર આપવા દ્વાર પર હાજર હતા અંતર્યામી પપ્પાજી ! દીદીને આવકારી કાયમી સ્થાન આપ્યું. દીદી આ સનાતન દિવ્ય પરિવારમાં સમાઈ ગયાં. શ્રી પપ્પાજી, શ્રી કાકાજી, શ્રી સોનાબાની છત્રછાયામાં તારા-જ્યોતિ સાથે પ્રેમથી સેવામાં જોડાઈ ગયાં. ને સાધનામાં આગેકૂચ કરવા લાગ્યા.

તારદેવ એટલે સત્સંગીઓ માટેનું મુખ્ય થાણું. તેથી વહેલી સવારથી મોડી રાત સુધી સેવાઓ ચાલતી. તે સૌ હળીમળીને મહિમા ને ઉમંગથી કરતાં. શ્રી જોગીબાપા મુંબઈ પધારતા ત્યારે બહેનોનો સાથ લઈ રોજ નવા નવા નાસ્તા બનાવી દીદી મોકલતાં. દીદી શિક્ષક હતાં તેથી પપ્પાજીની આજ્ઞાથી ઘનશ્યામ, પ્રફુલ્લ, મુકુંદને ભણાવવાની, બહાર ફરવા લઈ જવાની સેવા કરતાં. કથાવાર્તાને પ્રાધાન્ય આપી તેમાં ય હાજરી આપતાં.

પપ્પાજીએ દીદીને કહેલું કે, 'હંસા ! કોઈનો અભાવ લઈશ નહીં ને ઝાઝા વિચાર કરીશ નહીં.' આ આદેશને નજર સમક્ષ રાખીને દીદી પળેપળ જીવ્યાં છે. તેમાં ફેર પડે તો પપ્પાજી પાસે સ્ફટિક સમ રહી નિષ્કપટ થઈ જતાં ને જે પ્રાયશ્ચિત આપે તે વફાદારીથી યથાવત કરતાં. આમ વિચાર, વાણી, વર્તનમાં અદ્‌ભુત પતિવ્રતાપણું રાખીને વર્ત્યા છે.

વિધવિધ કલા, આવડત, સૂઝ ધરાવતાં પ્રતિભાશાળી દીદીનું તારદેવમાં આગમન થયું ત્યારથી ભક્તિમાર્ગમાં રસીકતા વહેવા લાગી. પ્રત્યક્ષ સ્વરૂપની સ્મૃતિસભર દૈનિક ક્રિયાઓ થવા લાગી. દીદીની પ્રથમથી અત્યાર સુધીની જીવનશૈલી છે કે નવું નવું કંઈક કરવું. તેમાં વળી પપ્પાજીએ કથાવાર્તા ને પત્રલેખન કરવાની સેવા આપી. તો વિધવિધ દ્રષ્ટાંતો ને નવી નવી વાર્તાઓ દ્વારા, નવા નવા કીર્તનોની રચના દ્વારા સિદ્ધાંત ને આધ્યાત્મિક વાતો સમજાવતાં. સાધના કરતાં સાધકોનો દેહભાવ મૂકાતો જાય ને બ્રહ્મભાવ ભરાતો જાય તેવો

સરળ ચૈતન્યશુદ્ધિનો રાહ બનાવી દીધો. ધ્યેય સિદ્ધિ માટે વ્રત-જપ-તપ-ત્યાગ-વૈરાગ્યના ભાર હળવા કરવામાં આ તેમની શૈલી આશીર્વાદરૂપ બની ગઈ.

ગણેશપુરી, લોનાવાલા, વરસોવા જેવા સ્થળોએ પપ્પાજીએ શિબિરો કરાવી, તારદેવથી આવા એકાંતિક સ્વરૂપો તૈયાર કર્યા. જે સ્વરહિત બનીને આજેય વર્તી રહ્યાં છે. દીદી પહેલેથી નિધડકપણે તારતમ્યતાએ માહાત્મ્ય સમજીને સૌ સંગે વર્તતાં. આ વિવેક જોઈને પપ્પાજીએ ઈ.સ.૧૯૬૩માં તેમની મહંત તરીકે વરણી કરી. આ વર્ષની ૧૯મી નવેમ્બરના ગણેશપુરી શિબિરમાં પપ્પાજીએ બહેનોને ભગવાન ભજવા ને ભજાવવાનો સંકલ્પ કરાવી, પાંચ મોટેરાં સ્થાપ્યાં. તેમાં દીદીની વરણી હતી.

૮મી ઑગષ્ટ ઈ.સ.૧૯૬૪માં પપ્પાજીએ તારદેવધામમાં દીદી પાસે મહાપૂજાનો પ્રારંભ કરાવ્યો ને દીદી મહાપૂજા આરંભના આદ્ય સ્વરૂપ બન્યાં.

તારદેવમાં સાધક બહેનોની સંખ્યા વધતાં શ્રી યોગીજીના નિર્દેશના સ્થાને વિદ્યાનગરમાં 'ગુણાતીત જ્યોત'નું બાંધકામ શરૂ થયું. મકાનના બાંધકામના નક્શા પપ્પાજીએ દીદી પાસે દોરાવેલાં. ઈ.સ.૧૯૬૬માં મકાન તૈયાર થતાં તારદેવમાં પ્રારંભાયેલું સાધના મંદિર વિદ્યાનગરમાં સનાતન માતૃસંસ્થા તરીકે સર્જન પામ્યું. ઈ.સ.૧૯૬૬માં બહેનો વિદ્યાનગર રહેવા આવ્યાં. ૧લી જૂને શ્રી પપ્પાજીએ ૫૧ બહેનોને વ્રત આપ્યું. તેમાં દીદીને કેન્દ્ર નંબર ૯ મળ્યો. ગુણાતીત ભાવને પામેલાં સોનાબા, બેન, જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેનના નેતૃત્વ હેઠળ બહેનોની સાધના શરૂ થઈ.

ઈ.સ.૧૯૬૬માં ગુણાતીત જ્યોતની વ્યવસ્થાનું, સભાનું, પ્રકાશનનું સુકાન પપ્પાજીએ દીદીને સોંપ્યું. પ્રથમ પ્રભુ પછી પગલું ભરનાર દીદી પળેપળ પ્રભુને પ્રાર્થીને સૌમાં પ્રભુ નિહાળીને સેવા, ભક્તિ, બહેનોની નાની-મોટી જરૂરિયાતોની તમામ વ્યવસ્થા અને દૈનિક કાર્યક્રમનું આયોજન કરતાં. તેમાં બધા જ પ્રકારનું પાથેય મળી જતું. દીદી દરેક સેવામાં સાથે રહીને માર્ગદર્શન આપતાં ને શીખવતાં. તો પોતાની સેવા પોતે કરતાં. હોલ-લોબીમાં કચરાં-પોતાં કરતાં, શાક સમારતાં, જ્યોતના મહંત હોવા છતાં હું સાધક છું, પ્રભુનો દાસ છું તે ભાવે વિશેષ વર્ત્યા છે એવાં દીદી અત્યારે સાક્ષીભાવે જ્યોત અને ચૈતન્યોનું જતન સંકલ્પથી કરી રહ્યાં છે.

પ્રકાશન ક્ષેત્રમાં ગુરુહરિ પપ્પાજીની પરાવાણી અને પરાલેખનની લાઈબ્રેરી તૈયાર કરાવી છે. હસ્તલિખિત અનુપમ ગ્રંથથી માંડીને ૧૦૦ જેટલાં પુસ્તકોનો સાહિત્ય ભંડાર દીદીના નેતૃત્વ નીચે તૈયાર થયો છે. જેના દ્વારા પપ્પાજીના યુગકાર્યનું દર્શન થઈ રહ્યું છે. ઈ.સ.૧૯૭૧થી શરૂ થયેલી 'ગુણાતીત જ્યોત' પત્રિકામાં પણ વિધવિધ પ્રકારનું બ્રહ્મજ્ઞાન પીરસવામાં દીદીનું યોગદાન વિશેષ રહ્યું છે. ને પત્રિકાની મેટર પણ વાંચી રહ્યાં છે. રોજ સવારે ગુરુહરિ પપ્પાજીના સૂરમાં પ્રભાતિયા ને દિવસ દરમ્યાન જીવનમંત્ર સાંભળવા મળે છે તે દીદીને આભારી છે.

ઈ.સ.૧૯૬૬થી અત્યાર સુધીમાં નાના-મોટાં ૭૫ જેટલાં સાંસ્કૃતિક કાર્યક્રમો થયા છે. તેમાં ૩૦ થી ૩૨ જેટલા પ્રોગ્રામની સ્ક્રીપ્ટ દીદીએ પોતે લખીને, પ્રેક્ટીસ કરાવીને રજૂ કર્યા છે. તો સમૈયા ઉત્સવની ઉજવણી હંમેશા નવીન રીતે કરાવી સૌને સ્મૃતિસભર કર્યા છે. ભક્તિમાં રસીકતા અનુભવાય તેવા હેતુએ ઑર્કેસ્ટ્રા પાર્ટી પણ તૈયાર કરાવી છે. પપ્પાજીના જીવન કાર્યનું દર્શન થાય તેવાં પ્રદર્શન કરાવ્યાં છે. પપ્પાજી શિબિર માટે જુદાં જુદાં સ્થળોએ લઈ જતાં ત્યારે દીદી એડવાન્સમાં જે તે સ્થળે જતાં. ને સાધકોને અનુરૂપ વ્યવસ્થા હોય તેવા સ્થાનની પસંદગી કરતાં.

દીદીને સંકલ્પ થયો કે બહેનોની સંસ્થા છે તો માંદે-સાજે ડૉક્ટર બેન હોય તો કેવું સારું ! ને પપ્પાજીએ આ સંકલ્પ સાકાર કર્યો ને ડૉક્ટર બહેનો આપણને મળ્યાં. પપ્પાજી કહેતા કે, દીદીને સરફેસ લેવલ પર ભગવાન છે. તેનું દર્શન આમાં થાય છે. આ બહેનોનો અભ્યાસ ચાલુ હોવાથી ઈ.સ.૧૯૭૪થી દીદી અવાર નવાર અમદાવાદ જતાં ને રોકાતાં. આ બહેનોનું સાધક તરીકે આધ્યાત્મિક ઘડતર કર્યું. આ

જ અરસામાં અમદાવાદ જ્યોતની સ્થાપના થઈ. તો અમદાવાદના ભક્તોને કથાવાર્તા દ્વારા માર્ગદર્શન આપી, નિષ્ઠાવાન ભક્તો તૈયાર કર્યા. ગુણાતીત જ્યોતની દરેક શાખાઓના પ્રારંભમાં દીદીનો અમૂલ્ય ફાળો રહ્યો છે.

કર્મયોગ પ્રારંભના આદ્ય સ્વરૂપ એવાં દીદીને થયું કે ભગવાન ભજવા માંગતી બહેનોને પહેલેથી કામ લાગે તેવું ભણાવીએ ને કર્મયોગ કરાવીએ. તો આ બહેનો શું ભણે ? તે દીદી નક્કી કરી આપતાં. તેના ફળસ્વરૂપે આપણને નર્સ બહેનો મળી સાથે સાથે શિક્ષિકા બહેનો ને અન્ય સારા ભણતરવાળી બહેનો મળી. ૧૦૦ જેટલાં બહેનો કર્મયોગના માર્ગે સાધના કરી રહ્યાં છે.

ગુરુહરિ પપ્પાજીના સ્વરૂપને દીદી યથાર્થ પિછાણતાં હતાં તો પપ્પાજીની પ્રત્યક્ષ હાજરીમાં પપ્પાજીના ચરણાર્વિંદની છાપ લઈ, તૈયાર કરાવી, બહેનોના નિવાસે જપયજ્ઞના હૉલમાં તથા સ્મૃતિમંદિરમાં અને બ્રહ્મવિહારમાં પપ્પાજીના ચરણાર્વિંદ પધરાવ્યાં. આ તેમનું ક્રાંતિકારી કાર્ય છે.

ઈ.સ.૧૯૯૧માં નૂતન પ્રભુકૃપા તૈયાર થયું ને ઉપરના માળે સ્મૃતિમંદિર થયું તે દીદીને આભારી છે.

પપ્પાજીના આદેશથી ઈ.સ.૧૯૯૩ થી ઈ.સ.૧૯૯૭ સુધી દીદી સાંકરદા જ્યોતમાં રહ્યાં. પ.પૂ.અક્ષરવિહારીસ્વામીજીના આશરે રહી ભગવાન ભજતી બહેનોનું જતન કર્યું. આ અરસામાં ઈ.સ.૧૯૯૪માં સંત સંમેલન અને ભગિની સંમેલન થયું તેના આયોજનમાં તથા ઈ.સ.૧૯૯૬માં ઉજવાયેલા ભક્તિ ઉત્સવમાં દીદીનો પણ મોટો ફાળો હતો.

પપ્પાજી તીર્થ પર ગુરુહરિ પપ્પાજીના સમાધિસ્થાને ભવ્ય શાશ્વતધામનું સર્જન દીદીએ કરાવ્યું છે. બીજું, ૧૯૭૭માં ઉભરાટ શિબિર સમૈયામાં પ્રદક્ષિણા મંદિર કરેલું. ત્યારથી દીદીને એક વિચાર હતો કે, આપણે જ્યોતની નજીકમાં એક પ્રદક્ષિણા મંદિર કરીએ ને તેમાં શ્રીજી મહારાજના ચરણાર્વિંદ પધરાવીએ જેથી સૌ પ્રદક્ષિણા કરી શકે. દીદીએ આ વિચાર પપ્પાજીને જણાવ્યો. પપ્પાજીએ દીદીના આ વિચારને માન્ય કરી કહ્યું હતું કે, 'હા ભલે કરો.' ને આ વિચારને સાકાર થવાના સંજોગો સર્જાયા ઈ.સ.૨૦૧૦માં. દીદીએ પ્રદક્ષિણા મંદિરના પ્લાન તૈયાર કરાવ્યાં. પ્રભુકૃપા સામે સુંદર આરસનું પ્રદક્ષિણા મંદિર તૈયાર થયું. ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૦માં પ.પૂ.બેન, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેને વિધિસર ઉદ્‌ઘાટન કર્યું ને નામ રાખ્યું 'ગુણાતીત તીર્થ.' જેમાં શ્રીજી મહારાજના ચરણાર્વિંદ તથા ગુણાતીત સમાજના સર્જક સ્વરૂપો ગુરુહરિ પપ્પાજી – કાકાજી અને સોનાબાના અસ્થિ પુષ્પકુંભ પધરાવ્યાં છે.

તો વળી, દીદીએ દેશ-પરદેશમાં વિચરણ કરી, પ્રત્યક્ષ પ્રભુને ઓળખાવ્યા ને પ્રભુ ભક્તિના સુખમાં મ્હાલતા કર્યા છે. પરમના અવિનાશી સુખના ભોક્તાને દાતા બનાવી રહ્યાં છે. વારસ સ્વરૂપોની અને નિષ્ઠાવાન સમર્પિત હરિભક્તોની હારમાળા સર્જીને પ્રભુના કાર્યને જ્વલંત રાખ્યું છે. આમ પ્રભુના સંકલ્પ કાર્યમાં નિમિત્ત બનવાની દીદીની પરાભક્તિનો ચંદ્રોદય સોળે કળાએ આપણા કાજે ખીલી રહ્યો છે. તેમની આ પરાભક્તિથી મુમુક્ષુઓની આંતરિક ચેતનાનું ગુણાતીત ચેતનામાં પરિવર્તન થયું. એ છે એમના અવતરણનું યુગકાર્ય. જેના 'મહોદધિનું મહાતમ', 'પુષ્પદલ પરિમલ' જેવા શાસ્ત્રો પણ રચાયાં છે.

અંતમાં ૧૯૮૭માં શ્રી પપ્પાજીએ દીદીને માળા આપી આશિષ આપેલાં કે... 'ગૃહી કે ત્યાગી જે કોઈ પરમ ભાગવત સંત થવા માંગે, જેને જે સ્થિતિએ જવું હોય તેવી સ્થિતિ મહારાજ કરી આપે. એના માટે તમે સંકલ્પ કરી, માળા ફેરવી આશીર્વાદ આપજો.' તો આ આશિષ-આદેશનું આજે ૮૬ વર્ષની ઉંમરેય યથાવત પાલન કરી રહ્યાં છે. પ્રભુ પપ્પાજીની વીશ છે કે, સૌ આશ્રિતો એકાંતિકપણું સિદ્ધ કરે. તે વીશને પોતાની વીશ માનીને પ્રાર્થના, સંકલ્પથી જતન કરી રહેલાં ગુણાતીત જ્યોતના જ્યોતિર્ધર દીદીને અનંત વંદના સાથે પ્રાર્થના છે કે તમ જેવી પ્રત્યક્ષની યથાર્થ સ્વરૂપનિષ્ઠા રાખી, પળેપળ જીવવાનું બળ આપજો.





## પરમ પૂજ્ય દેવીબેન

**શ્રીજીના સિદ્ધાંતે વર્તી નીકળ્યા, દાસી બનીને જીવ્યાં,**
**અગણિત મોટપ સંતની પ્રસંગમાં, ઓશિયાળા થઈ પ્રભુ ધાર્યા;**
**અગિયાર ઈંચના માપદંડે માપ્યા, બુદ્ધિ મૂકી અબૂધ બન્યાં,**
**યોગ ને સાંખ્યસભર દેવી સ્વામી, નમન કરું હું સર્વદા.**

### ગુણાતીત જ્યોતના જંગમ મંદિરોનો ચતુર્થ આધાર સ્તંભ પરમ પૂજ્ય દેવીબેન

સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને બહેનો પણ એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકે તેવો રાજમાર્ગ વચ.ગ.છે.૨૬માં બતાવી દીધો. તે માટે ક્રાંતિકારી સંકલ્પ કર્યો શ્રી યોગીજીમહારાજે. ને કાર્ય સોંપણી કરી બાબુભાઈને.

શ્રી ગુણાતીતાનંદસ્વામીજીની જેમ કેવળ વચને જ જીવનારાં બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવા કરવા ને કરાવવા માટે જેનું પ્રાગટ્ય થયું, બાળપણથી પ્રભુને પામવાની ઈચ્છા ધરાવતાં પ્રખર બુદ્ધિશાળી એવાં દેવીબેન બુદ્ધિને પેલે પાર જઈને દાસભાવે જીવ્યાં. દેવીબેનને ઈ.સ.૧૯૫૭માં પ્રત્યક્ષની ઉપાસનાનો યોગ મળ્યો. સૌ પ્રથમ શ્રી સોનાબાના યોગમાં આવ્યાં. ને તેમના દિવ્ય ધબ્બાથી દેવીબેનને માનવમાંથી મહામાનવ બનવાનો અર્ચિમાર્ગ મળી ગયો. ગુરુવારની સભામાં તારદેવ જવાનું શરૂ કર્યું ને પ્રત્યક્ષ સ્વરૂપો એવા યોગીજી, પપ્પાજી, કાકાજીનો યોગ પ્રાપ્ત થયો. દેવીબેને તારદેવની કથાવાર્તામાં સંત કબીરજીની આશ્રિત મંગુની વાર્તા સાંભળેલી. તેમાંથી દેવીબેને પોતાના માટે સાર લીધો કે, મંગુની જેમ ગુરુમુખી, બુદ્ધિ બંધ કરીને, ગુરુ જેમ કહે તેમ કરવું. શિષ્ય બનવું તો મંગુ જેવા. એવો આદર્શ લીધેલો. ને આ જ વર્ષમાં શ્રી સોનાબાના વચને દેવીબેને શ્રી ભગતજીમહારાજના પુસ્તકનું પારાયણ કરેલું. દેવીબેનના અંતરે દિવ્ય પ્રકાશ પથરાવા લાગ્યો કે શ્રી ભગતજી કેવા આજ્ઞાંકિત કે ગુરુ વચને ગિરનારને બોલાવવા ગયા ! કેવું માહાત્મ્ય કે મંદિરના એંઠવાડની કુંડીમાં નહાયા ! કેટલી બધી માન-અપમાનમાં એકતા કે ક્યારેય આનંદ ગયો નથી ! કેટલી બધી સમતા કે વિરોધના વંટોળમાં અચલ નિષ્ઠાએ પ્રત્યક્ષની ઉપાસનાનું કાર્ય ચાલુ જ રાખ્યું... ને દેવીબેને મનથી નિશ્ચય કર્યો કે જીવવું તો આવું જીવન. હું પણ આવું જીવીશ... જ્યારે ભગવાન ભજવાનું નક્કી કરી સાધક તરીકે તારદેવ સાધના મંદિરે આવ્યાં ત્યારે, પોતાની ડાયરીમાં લખી લીધું કે, 'હું આ ઘરની દાસી થઈને રહીશ.' ને આ દ્રઢ નિર્ધાર સાથે બુદ્ધિ બંધ કરીને, દાસત્વભાવે પળેપળ વર્ત્યા. ને અત્યારેય વર્તી રહ્યાં છે. ગુરુહરિ પપ્પાજીની દરેક આજ્ઞામાં અવિચારીપણે હા પાડીને વર્ત્યા છે. પ્રભુ જ કર્તાહર્તા છે એવા આનંદનો, મહિમાનો, જ્ઞાનનો, વર્તનનો અભિષેક કરતાં જ રહ્યાં ને ગુણાતીતભાવને પામી ગયાં એવાં ગુણાતીત સ્વરૂપ પ.પૂ.દેવીબેનને અનંત વંદન.

પલાણા ગામના પૂ.ચંચળબેન ચતુરભાઈના શ્રીમંત કુટુંબમાં પ.પૂ.દેવીબેનનું પ્રાગટ્ય ઈ.સ.૧૯૩૬ની

૧૮મી નવેમ્બરના વીલેપાર્લા, મુંબઈમાં થયું.

દેવીબેનની ૧૦ વર્ષની ઉંમરે ઈ.સ.૧૯૪૬માં પિતાશ્રીએ પૃથ્વી પરથી વિદાય લીધી. આ જ વર્ષમાં ચંચળબા સાથે આણંદ મોસાળમાં દેવીબેન ગયેલાં. ત્યાંથી શ્રી શાસ્ત્રીજીમહારાજની રૂપાજયંતીનો સમૈયો કરવા બોચાસણ ગયાં. પ્રથમવાર પ્રત્યક્ષ સ્વરૂપ શ્રી શાસ્ત્રીજીમહારાજનાં દર્શન થયાં. બપોરની વેળાએ છોકરીઓ સાથે બોર ખાવા નીકળી પડ્યાં. દૂર દૂર નીકળી ગયાં ને ભૂલાં પડ્યાં. દેવીબેને શાસ્ત્રીજીમહારાજને સંભાર્યા. ને રબારી વેશે હાજર થઈ, રસ્તો બતાવી મંદિર સુધી મૂકી ગયા. પાછું વળીને જોયું તો કોઈ નહીં... દેવીબેનને થયું કે, આ તો શાસ્ત્રીબાપા જ. ને આ સ્મૃતિ તેમના અંતરમાં સદાયને માટે જડાઈ ગઈ.

દેવીબેનને રમતગમતમાં વિશેષ રસ હોવાથી હોકી, ટેબલટેનીસ રમવા જતાં. સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ભાગ લેતાં. નાનપણથી જ સાદાઈ ને ત્યાગ, વૈરાગ્ય જેવા ગુણ હતા. જેનું પ્રાગટ્ય બ્રહ્મવિદ્યા ભણવા કાજે જ હતું, તો તારાબેનની જેમ દેવીબેનને નિશાળે જવું ગમતું ન હતું. પાર્લાની જી.પી.પી. હાઈસ્કૂલમાં પહેલા ધોરણથી મેટ્રીક સુધી ભણ્યાં. ડૉક્ટર થવાની હોંશ ધરાવતાં હોવાથી દેવીબેને સાયન્સમાં એડમીશન લીધું. ટકાવારી ઓછી પડતા ડૉક્ટરી લાઈનને બદલે Law Collegeમાં એડમીશન લીધું ને ઈ.સ.૧૯૫૬ થી ઈ.સ.૧૯૫૮ ત્રણ વર્ષમાં L.L.B. પૂરું થતાં ઈ.સ.૧૯૫૯માં ચર્ચગેટમાં L.I.C.માં નોકરી મળી ગઈ. તે ઈ.સ.૧૯૬૫ સુધી કરી.

ઈ.સ.૧૯૫૬માં ચંચળબાને વાલવોડવાળા કમળાબેન થકી તારદેવ સોનાબાનો યોગ થયો. સોનાબાના ઘરે સભા થતી તેમાં જવા લાગ્યાં. ને પ્રત્યક્ષ સ્વરૂપોનો યોગ મળ્યો. આ જ વર્ષમાં મોરારકા શેઠના બંગલે જોગીબાપાનાં દર્શન પ્રથમવાર દૂરથી થયેલાં. પૂર્વની મુમુક્ષુતા પ્રગટી ને દેવીબેનના અંતરમાં થયું કે, આ બહુ સારા સાધુ છે.

ઈ.સ.૧૯૫૭ની સાલમાં ચંચળબાએ દેવીબેનને કહ્યું, 'આજે ગુરુવાર છે તો તારદેવ સભામાં ચાલ ને ! તને ગમશે.' દેવીબેને કહ્યું, 'મારે નથી આવવું.' પાછું બાએ ફરીથી કહ્યું ને હા પડી ગઈ. તારદેવ જવા બા સાથે નીકળ્યાં. પહોંચ્યા ૮/સી સોનાવાલામાં. દેવીબેન સોનાબાને પગે લાગ્યાં. સોનાબાએ ચંચળબાને પૂછયું, 'દીકરી પરણેલાં છે ?' ચંચળબાએ કહ્યું, 'ના. બા. એને તો ભગવાન ભજવા છે.' સોનાબાએ દેવીબેન પર રાજીપો દર્શાવી ધબ્બો માર્યો. દેવીબેનને પણ સોનાબા પોતાના  લાગ્યાં ને ગમી ગયાં. દેવીબેન માટે ભગવાન ભજવાનું દ્વાર ખુલ્લું થવા લાગ્યું. ચંચળબાએ પણ કહ્યું કે, 'દેવી! તું જે બહેનોનું ભગવાન ભજવાનું સ્થાન શોધતી હતી તેવું જ આ સ્થાન છે. સોનાબાની બે દીકરીઓ તારા-જ્યોતિ ભગવાન ભજે છે. ને શાંતાબા દવેની હંસા પણ ભગવાન ભજે છે. તને ગમશે.' દેવીબેનને પણ અંતરમાં દિવ્યતા અનુભવાઈ. ને દેવીબેન સભામાં આવવા લાગ્યાં...

પપ્પાજીના ખાસ મિત્ર સી.જે.કાકા અને શાંતાબેન મોમ્બાસાથી ભારત આવેલા. શાંતાબેન દેવીબેનના કાકાની દીકરી થાય. તેમને લઈને તારદેવ ગયા. બાબુભાઈ કથાવાર્તા કરતા હતા. તેમાં ૧૧ ઈંચના માપદંડથી મુક્તોને દિવ્ય માનવાની વાત કરી. દેવીબેનને તે વાત ગમી ગઈ હતી. પછી દેવીબેનને પપ્પાજીએ ભજન ગાવાનું કહ્યું. જગતથી અલિપ્ત પ્રભુ માટે જીવન જીવવા માંગતા દેવીબેને ભજન ગાયું –

મૈં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ...

ને દેવીબેન પપ્પાજીની દ્રષ્ટિમાં આવી ગયાં. દિવ્ય જીવનરાહના પગરણ મંડાયા.

ઈ.સ.૧૯૫૮માં શરદપૂનમના સમૈયામાં સોનાબા, ચંચળબા સાથે દેવીબેન ગોંડલ ગયાં. સવારના યોગીજીમહારાજ પૂજા કરતા હતા તે સમયે બહેનો દૂરથી દર્શન કરતાં હતાં. તેમાં દેવીબેનને દિવ્ય પ્રતીતિ થઈ. પછી તો અનેકવાર યોગીજીમહારાજનાં દર્શનનો લ્હાવો મળવા માંડ્યો. નાનપણમાં ઘણાં મંડલેશ્વરોનાં દર્શન કરેલાં પણ આ તો કોઈ દિવ્ય વિભૂતિ છે. તેવું અંતરમાં થતાં ઉદ્‌ગાર સરી પડ્યા; Now rest of my life is for Him. આમ તેમની પાછળ જ જીવનનું

ધ્યેય મનોમન નક્કી કરી લીધું...

દેવીબેનના ભાઈ અરવિંદભાઈના વિવાહમાં પૈઠણ બાબત ઘરમાં પ્રોબ્લેમ થયો. દેવીબેનના મોટાભાઈ દાદુકાકા માટે કંઈક કંઈક બોલવા લાગ્યા. નિર્દોષબુદ્ધિના સિદ્ધાંતના રાહે દેવીબેનનું ચૈતન્ય જાગ્રત હતું. તેથી ઘરના મુક્તો અભાવમાં ન પડે તેવી ભાવનાએ દેવીબેન બીજે દિવસે નોકરીએ જતાં પહેલાં તારદેવ ગયાં. સોનાબાને વાત કરી. સોનાબાએ કાકાજીને વાત કરી તો કાકાજી દેવીબેનને કહે, 'બેન! અમારી સો વાર ભૂલ. હજારવાર ભૂલ.' દેવીબેનના હૈયાને આ શબ્દો અસર કરી ગયા કે મોટા પુરુષને આવું પોતાના માથે લેવાનું થયું ? ને રૂદન શરૂ થઈ ગયું તે કેમેય બંધ જ ના થાય. બા-જ્યોતિબેન તેમની પાસે આવ્યાં પણ રૂદન બંધ ના થયું ત્યાં તો પધાર્યા પપ્પાજી ને કહ્યું, 'જ્યોતિ ! શીરો શેકી લાવ. દેવીને જમાડીએ.' બસ આ શબ્દોએ દેવીબેનના અંતરમાં શીતળતા બક્ષી ને મન પ્રશાંત થઈ ગયું. રૂદન શમી ગયું. દેવીબેનને અનુભૂતિ થઈ કે બાબુભાઈ બહુ મોટા છે. બાપાએ ભાઈના વિવાહ પ્રસંગનું નિમિત્ત યોજી તારદેવના અક્ષરમુક્તો સાથે આત્મીયતા વધારી દીધી. ને દેવીબેને દ્રઢ નિશ્ચય કર્યો કે, આ મુક્તો મારા કટકા કરી ફેંકી દેશે તોય હું ઉંહકારો નહીં લઉં. ને પોતે ડાયરીમાં લખ્યું કે, 'હું આ ઘરની દાસી થઈને રહીશ.'

ઑગષ્ટ એટલે વરસાદી માસ. દેવીબેનના અંતરમાં પ્રાર્થના ચાલતી'તી કે, 'હે બાપા ! જગતમાં જવું નથી. તમારા ચરણોમાં કાયમી સ્થાન આપો ને !' આ પોકાર સુણી યોગીજીમહારાજે કાર્ય શરૂ કરી દીધું. બાપાએ મેઘરાજાને અનરાધાર વરસાવ્યા. દેવીબેન રોજ નોકરી પર જતાં ત્યાંથી તારદેવ આવતાં. સેવા સમાગમ કરીને ઘરે જતાં. એક દિવસ પપ્પાજીએ વરસતાં વરસાદને જોઈ દેવીબેનને કહ્યું, 'ઘરે મેથીના દાટ્યાં છે ?' ને દેવીબેન તારદેવ રોકાઈ ગયાં. સાંજના ૪ વાગ્યે પપ્પાજી કથામાં વચ.ગ.પ્ર.૩૭મું સમજાવતા હતાં. દેવીબેન એકધાર્યું સાંભળતાં હતા. કથા પૂરી થઈ. આ જ દિવસે આ સમયે અટલાદરામાં શ્રી યોગીજીમહારાજે પૂ.વિનુભગત (પ.પૂ.મહંતસ્વામીજી) પાસે કાગળ લખાવ્યા. તે કાગળના ત્રણ કવર યુવક ભૂપેન્દ્રભાઈ સાથે તારદેવ મોકલ્યા. તેમાં એક કવર નામ વગરનું હતું. તે પપ્પાજીએ વાંચ્યું. ને પપ્પાજીએ દેવીબેનને આ કાગળ આપતા કહ્યું કે, 'લે, લખડી તારો કાગળ !' દેવીબેને કાગળ વાંચ્યો ને આશ્ચર્ય થયું કે, જે બાબુભાઈએ ગઈકાલે વાતો કરી તેવી જ વાતો આ પત્રમાં છે ને સમય પણ એ જ છે... દેવીબેનને પ્રતીતિ થઈ ગઈ કે બાપા ને બાબુભાઈ બંને એક જ છે. જીવમાં ગેડ્ય બેસી ગઈ. એ મંગલદિન હતો ૨૭મી ઑગષ્ટ ઈ.સ.૧૯૫૯ ને તિથિ હતી જન્માષ્ટમીની.

...પછી તો ગુણાતીતભાવને પામવાની સાધના કરવા આવેલાં દેવીબેનની લોક, ભોગ, દેહ ને પક્ષની પરીક્ષાની પરંપરા સગાંવહાલાં અને સત્સંગીઓ થકી શરૂ થઈ ગઈ.

જે માતુશ્રીએ તારદેવ ધામનાં દર્શન કરાવેલાં તે માતુશ્રીમાં શ્રીહરિ પ્રવેશ્યા ને તેમના થકી રમઝટ રાસ શરૂ થયો. ચંચળબા કહેવા લાગ્યાં કે, તારદેવ જવાનું નથી. તો વળી ભાઈ કહે, 'તું નોકરી કરે છે તો પગાર ઘરમાં આપવો પડશે.' તેથી ય આગળ સત્સંગ સમાજમાંથી વિરોધ શરૂ થયો કે પાર્લાવાળા દીકરીને આ દાદુભાઈ-બાબુભાઈ તેમના પોતાના ઘરે કેમ રાખે છે ?... તેમાં વળી યોગીબાપાનો કાગળ આવ્યો કે, પાર્લાવાળા દીકરીને ઘરે મોકલી દ્યો... દેવીબેનને દાદુભાઈ-બાબુભાઈએ કહ્યું કે બાપાની આજ્ઞા છે આપણે ઘરે જવાનું છે. ને દેવીબેન ઘરે ગયાં. ઘરમાં વિરોધનો વંટોળ શરૂ થયો. અભાવ-ઘસારાના શબ્દબાણ છૂટવા લાગ્યાં. ત્યાં દેવીબેને વચ.ગ.મ.૨૮ જીવનદોરીના સિદ્ધાંતને નજર સમક્ષ રાખીને નમ્રભાવે સ્પષ્ટ કહી દીધું કે, 'આવી ઘસારાની વાત બોલવી હોય તો હું આ ચાલી...' એમ કહેતાં ખભે થેલો લટકાવી પાર્લાથી મહાભિનિષ્ક્રમણ કરી પહોંચ્યાં તારદેવ ધામમાં. ચોથા માળે પહોંચી કમાડ ખખડાવ્યાં ને કમાડ ખૂલ્યાં તો સન્મુખ દર્શન થયાં આરાધ્ય સ્વરૂપ પપ્પાજીનાં ! દેવીબેનને સૌએ આવકારી લીધાં.

હજી વંટોળ પૂરો થયો નથી હં... થોડા વખતમાં ઈ.સ.૧૯૬૧માં પાછું મહામાયાનું વંટોળ આવ્યું. યોગીબાપાએ દાદુભાઈને કહ્યું કે, 'પાર્લાવાળાં દીકરીને ૪ મહિના ઘરે મોકલો...' દાદુભાઈએ દેવીબેનને કહ્યું કે, 'બેન થોડો વખત ઘરે જાવ તો સારું. બાપાએ આ આજ્ઞા કરી છે.' દેવીબેનના મનમાં પોઝીટીવ-નેગેટીવ વિચારોનું વંટોળ શરૂ થયું કે, 'હું મારું ફોડી લઈશ. ઘરે તો નથી જ જવું.' તો શુદ્ધ મન કહે કે તેં નક્કી કર્યું છે ને કે હું તો દાસી છું. તો આ શું ? આમ ઘમસાણ ચાલ્યું. આ વાત પાછી બાપા પાસે ગઈ તો બાપા બાબુભાઈને કહે, 'એ તમારું માનશે...' બાબુભાઈએ આવીને દેવીબેનને એટલું જ કહ્યું, 'આ કોણ મંગુ બોલે છે? દાસી બોલે છે ?' ને દેવીબેને સહજતાથી કહ્યું, 'હા બાબુભાઈ હું જઈશ.' ને દેવીબેનના મનનો વંટોળ શમી ગયો... આવી સરળતા જોઈ બાબુભાઈ રાજી થકા બોલ્યા, 'જાવ, જોગીના હાથ ક્યાં નથી પહોંચતા?' ને દેવીબેન ઘરે ગયાં. સ્મૃતિસહ ઘરની ક્રિયાઓ અને સર્વિસ કરવા લાગ્યાં પ્રભુને કર્તાહર્તા માનીને ભજન-પ્રાર્થના કરતાં. જ્યોતિબેન અવારનવાર પાર્લા જઈ દેવીબેન સાથે મહિમાની-સત્સંગની ગોષ્ટિ કરતાં. દેવીબેન જ્યોતિબેન સાથે પપ્પાજીને કહેવડાવતાં કે, 'પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી...' આમ દેવીબેન સંત અને સત્પુરુષના મને મન કરીને વર્ત્યાં. જોતજોતામાં ચાર મહિના પૂરા થઈ ગયા. અવરોધ-વિરોધ ધીમે ધીમે ઓછા થવા લાગ્યા. ઘરમાંથી આખરી રજા મળતાં પોટલું લઈ આવી પહોંચ્યાં તારદેવ. આમ દેવીબેને ભજનથી વિરોધનો વંટોળ શમાવ્યો. હાશ અનુભવી. ત્યાં કાકાજી કહે, 'દેવીને પાર્લા મોકલો.' પપ્પાજીએ કહ્યું, 'હવે દેવી પાર્લા નહીં જાય.' આ પછી ક્યારેય ઘરે જવા બાબત માયા આડરૂપ થઈ નથી... ને તારદેવમાં કાયમ માટે સ્થાન પામ્યાં.

દેવીબેન L.I.C.માં સર્વિસ કરતાં હતાં. તારદેવમાં સવારે વહેલાં ઉઠી પરવારી ઘરની સેવામાં મહિમાથી મદદ કરતાં. ૧૦ વાગ્યે ઑફિસે જતાં પહેલાં પપ્પાજીની પરાવાણીનો લાભ લેવા પોતાની દરેક ક્રિયા પટ પટ પતાવી દેતાં. ઑફિસમાં પણ સ્વધર્મમાં અચલ રહ્યાં થકા દરેક કાર્ય કરતાં. દેવીબેનના જીવનમાં પ્રથમથી ભોગ તો હતો જ નહીં. લોક તો ઘરના આવન-જાવનમાં સહજતાથી ઉડી ગયેલો. પ્રભુએ દેહની કસોટી શરૂ કરી. દેહમાં અનંત પ્રકારની બીમારી આવી પણ દેવીબેને દેહ ને દેહભાવથી પર રહી, સર્વત્ર મહારાજનું કર્તાહર્તાપણું માની આત્માનું કરી લીધું. તેથી તો પપ્પાજી કહેતાં કે, 'દેવીએ મને કદીય ઓશિયાળો નથી કર્યો.' સાચા અર્થમાં દેવીબેને વર્તનથી આદર્શ આપ્યો કે, જે થનારી હોય તે થાય એકવાર નક્કી કર્યું કે હું દાસી બનીને રહીશ. તેવું જીવ્યાં તો બ્રહ્મતનું થઈ ગયું.

એકવાર દેવીબેને પપ્પાજીને પૂછ્યું કે, 'જ્યારે મેનેજર ઑફિસમાં બોલાવે ત્યારે અમે બંને એકલા જ હોઈએ તો ત્યાં કેવું અનુસંધાન રાખવું ?' પપ્પાજી એમની વફાદારી જોઈ ખુશ થયા ને કહે, 'દેવી ! ત્યાં તું ખુરશી પર બેસે એની બાજુની ખુરશીમાં મને બેસાડજે.' ને આ પ્રમાણે સારધાર વર્તી દેવીબેને આપણને આદર્શ આપ્યો કે, પ્રભુને સાથે રાખીને દરેક ક્રિયા કરવી.

ઈ.સ.૧૯૬૩માં દેવીબેનને થયું કે, નોકરી નથી કરવી... પપ્પાજીને વાત કરી. પપ્પાજીની નજર જોઈ દેવીબેનને થયું કે મારે નોકરી કરવી કે ના કરવી તે ઠરાવ રાખવો નથી... એ અનુસંધાન રાખ્યું તો ઈ.સ.૧૯૬૫માં વરસોવાની શિબિર વખતે સામેથી પપ્પાજીએ નોકરી મૂકાવી દીધી. આપણને આ પ્રસંગથી દેવીબેને આદર્શ આપ્યો કે ગુરુ ને ગુરુહરિ પાસે ઠરાવરહિત જીવીએ તો સરળતાથી અંતઃકરણના ભાવો શુદ્ધ બની જાય.

દેવીબેનને ઘર, કુટુંબ, સમાજમાંથી અનેક પ્રકારના વિરોધ ને વિક્ષેપ આવ્યા પણ મક્કમ નિર્ધાર રાખ્યો કે દેહ જીવો કે મરો પણ અખંડ બ્રહ્મભાવમાં રહેતાં થવું છે. તે ઘરે, નોકરીમાં, ને તારદેવ સાધનામંદિરમાં રહીને સિદ્ધ કરી લીધું. ને દેવીબેન અખંડ ગુણાતીતભાવમાં રહેતાં થઈ ગયાં. તેમના સંબંધમાં ગૃહી-ત્યાગી અનેક ચૈતન્યો આવવા લાગ્યાં. દેવીબેનની દિવ્યતા,

નિર્દોષતા ને સાધુતા સ્પર્શવા લાગી... મિતભાષી દેવીબેનના વર્તનથી આ સિંચન મળ્યું. તેમની પાસે સૌ મૂંઝવણની વાત કરી શકે એવાં આત્મીય. દેવીબેન તેઓને પપ્પાજીની કથાવાર્તા, દર્શન, સેવાનો લાભ મળે તેવી તક ગોઠવી દેતાં.

યોગીજીના વચને ઈ.સ.૧૯૬૬માં 'ગુણાતીત જ્યોત' સાધના મંદિર તૈયાર થઈ ગયું. બહેનો તારદેવથી વિદ્યાનગર રહેવા આવ્યાં. ગુરુહરિ પપ્પાજીએ ૧લી જૂન ૧૯૬૬ના દિને ૫૧ બહેનોને વ્રત આપ્યું તેમાં દેવીબેનને કેન્દ્ર નંબર ૧૦ પ્રાપ્ત થયો.

વિદ્યાનગર આવ્યા પછી પણ દેહની બીમારી તો ચાલુ જ હતી. એ સમયમાં પપ્પાજીએ બ્રહ્મવાક્ય આપેલું કે, Everything has its own time. ને દેવીબેન દેહથી અલિપ્ત રહી, પ્રભુની સ્મૃતિમાં અખંડ રહેતાં. મોળા વિચારને સ્થાન મળે જ નહીં. આમ દેવીબેને પપ્પાજીની પ્રસન્નતા પ્રાપ્ત કરી ને પપ્પાજી તેમને વશ થઈ ગયા.

પપ્પાજીએ દેવીબેનને ખજાનચીની સેવા સોંપી. જે અત્યારે પણ બજાવી રહ્યાં છે. તો વળી ઈલેક્ટ્રીસીટી, વિડીયો, ઓડિયો, ઈલેક્ટ્રોનીક વસ્તુઓની ખરીદી વિભાગમાં, આરોગ્ય વિભાગમાં પપ્પાજીએ જવાબદાર નીમ્યાં. તેમાં પણ ચોકસાઈથી ધ્યાન આપીને માર્ગદર્શન આપી રહ્યાં છે. દેવીબેન દરેક ક્ષેત્રમાં કુશળ. ગમ્મત સાથે જ્ઞાન આપવું, વાતાવરણ હળવું રાખવું એ તેમનો સાહજિક ગુણ છે. હાલતાં-ચાલતાં એવા ગતકડાં કરે કે સામું પાત્ર હળવું થઈ જાય. મિતભાષી દેવીબેન એકાદ શબ્દ કે વાક્ય બોલે તેમાં ધ્યેયની સભાનતા આવી જાય. આશિષ મંડળનું પણ એટલું જ ધ્યાન રાખે ને આનંદ કરાવે.

૩૩ વર્ષની ઉંમરે ઈ.સ.૧૯૬૯માં પપ્પાજીએ આફ્રિકા – યુ.કે. મોકલ્યાં. પછી તો યુ.કે., યુ.એસ.એ., કેનેડા, ન્યુઝીલેન્ડની ધરતી પર પપ્પાજીની આજ્ઞાએ અનેકવાર પધારીને ગુરુહરિ પપ્પાજીની નિષ્ઠા કરાવી નિષ્ઠાવાન સમાજ તૈયાર કર્યો ને પ્રભુનું કાર્ય વહેતું કર્યું છે. ઈ.સ.૧૯૮૦માં પપ્પાજીએ દેવીબેનને પરદેશના પ્રમુખ બનાવ્યાં. યુ.કે. ડેનહામ જ્યોતની જમીન ને મકાન મળ્યું તેમાં દેવીબેનનું યોગદાન રહ્યું છે. ત્યાંના સાધક બહેનોને માર્ગદર્શન આપી, સ્વતંત્ર કાર્ય કરે તેવાં તૈયાર કર્યાં. પ.પૂ.પપ્પાજી, પ.પૂ.બેન અને સ્વરૂપો જ્યારે જ્યારે ઈંગ્લૅન્ડ પધારે ત્યારે બધા જ પ્રકારની સગવડ કરતાં. વિધવિધ સ્થાને પપ્પાજી શિબિરોનું આયોજન કરે ત્યારે દેવીબેન એડવાન્સ પાર્ટીમાં જે તે સ્થળે જતાં ને ઉતારા-વ્યવસ્થા કરતાં. દરેક સેવામાં દેવીબેન હાજર હોય જ. સર્વે મુક્તો પાસે માન ટળેના ભાવે, કેવળ ભક્તિ અર્થે રાંકભાવે ગરજુ થઈને સેવા કરી લેતાં. તેમાં રસોઈ પણ કરવાની હોય, વાસણ-કપડાં પણ કરવાનાં હોય, મહાપૂજાય કરવાની હોય, પધરામણીએ ભજન પણ ગાવાનાં હોય, સ્વરૂપોના સ્વાસ્થ્યની પણ સંભાળ રાખવાની હોય. ત્યાં પોતાના દેહની પરવા કરી નથી. તો સાથે સાથે હરિભક્તો અને સેવકોનાં હૈયાને સમજીને સમો સાચવી લઈને હૂંફ આપતાં. આમ સ્વરૂપ છતાં સેવકભાવે દાસના દાસ બનીને વર્ત્યા છે.

મુંબઈ, આફ્રિકા, લંડન ને કાઠિયાવાડથી ઘણાં બહેનો દેવીબેનના સહારે ભગવાન ભજવા આવ્યાં છે... તેમાં દેવીબેને ખૂબ પરિશ્રમ કર્યો છે. ભજન કર્યું છે. તો અત્યારે એ ચૈતન્યો પણ બીજાને શાંતિ કરી દે તેવા પારસથી પારસ થઈ ગયાં. એવાં જ ગૃહસ્થોને પણ પમાડ્યા એ દેવીબેનની પરાભક્તિનો પ્રતાપ છે.

આમ દેવીબેનના જીવનને નિહાળીએ તો પ્રત્યેક પળે ધ્યેય તરફ સભાનતાથી જાગ્રત રહેવાની સૂઝ મળે. આમ અખંડ ગુણાતીતભાવમાં વિચરી, સમર્થ થકા ઝરણાં કરી, સંકલ્પ અને ભજનના બળે દેશ-પરદેશના મુક્તોનું જતન કર્યું છે. પ્રભુ આપ્યા ને ઓળખાવ્યા છે. એવાં દેવીબેનના જીવનકાર્યનાઃ 'વંદુ વૈરાગી દેવીને...' હસ્તલેખિત ગ્રંથ અને 'સર્જકનું અદ્‌ભુત સર્જન' જેવા શાસ્ત્રો રચાયાં છે. ગુણાતીત જ્યોતના જ્યોતિર્ધર પ.પૂ.દેવીબેનને અનંત વંદના સાથે પ્રાર્થના છે કે, તમારી જેમ ગુરુહરિ અને ગુરુ પાસે બુદ્ધિ બંધ કરી, કહે તેમ કરવાની અમને જાગ્રતતા ને શક્તિ દેજો.

# સત્સંગ સમાચાર

## તા.૩.૭.૨૦૨૨ : પરમ પૂજ્ય બેનના ૧૦૮મા પ્રાગટ્યદિન નિમિત્તે મહાપૂજા

૯મી જૂલાઈના પ.પૂ.બેનને ૧૦૮મું વર્ષ પૂરું થયું. આવતા વર્ષે આપણે મોટો ઉત્સવ ઉજવીશું.

પ.પૂ.બેનની સ્મૃતિસહ વર્ષ દરમ્યાન વિધ વિધ રીતે આયોજન કરી, સાધક બહેનોએ પ.પૂ.બેન પ્રત્યેની ભક્તિ અદા કરી.

તા.૩.૭.૨૦૨૨ના પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેન અને સ્વરૂપોના સાંનિધ્યે ૧૦૮ યજમાન સાધક બહેનોએ મહાપૂજા દ્વારા ભક્તિભાવ ધર્યા. ખૂબ સરસ મહાપૂજા વિધિ થઈ. ત્યારબાદ સ્વરૂપોના આશિષ માણ્યા તેના સારનો સ્વાધ્યાય કરી લઈએ.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** વાલીડાના વહાલાં વહાલાં શાંતિના દેનારાં બેન પ્યારાં... એ ભજનની ટૂક ગાઈને સૌને બેન સભર કર્યા. શાંતિ દેનારા બેન અને તેમના વહાલાં જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન, પદુબેન તથા સર્વે સ્વરૂપોની જય જય જય બોલાવી મહિમારત કર્યા.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આજે બેનના ૧૦૮મા વર્ષ નિમિત્તે ૧૦૮ બહેનો મહાપૂજામાં બિરાજ્યાં. ખૂબ ભવ્ય મહાપૂજા થઈ. બધાએ સરસ લાભ લીધો. બેનને મહાપૂજા, કથાવાર્તા ખૂબ ગમતી. ખરેખર બેન બેઠાં બેઠાં રાજી થતાં હશે. બસ આવી ભક્તિ કરી, પ્રભુમય રહીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.માયાબેન :** આજની મહાપૂજાનાં દર્શન કરી અંતર ટાઢું થઈ ગયું. આજે બધાને એક આજ્ઞા કે, આજે આખા દિવસમાં બહેનોના ગુણ સાથે નામાવલી એકવાર બોલી, પ્રાર્થના કરવી. જેનાથી અંતઃકરણ બદલાઈ જાય. સુખિયા થવાનો આ એક સરળ રાહ છે. તો રોજ નામાવલી બોલીએ ને પ્રભુમાં લીન રહીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** જાણે અક્ષરધામમાં બેઠા હોઈએ તેવાં ભવ્ય દર્શન આ મહાપૂજામાં થયાં. સૌ પોતાના સ્વરૂપમાં લયલીન થઈને મહાપૂજા કરતા હતાં. બેનને મહાપૂજા ગમતી. બેન અખંડ પ્રભુમય રહેતાં. બેન સાથે બહાર જઈએ તો બેન ગાડીમાં બેસે ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ નામરટણ શરૂ કરી દે. બેન શીખવે છે કે, અખંડવૃત્તિ પ્રભુમાં રાખીએ.

સૌ એકાંતિક ધર્મ સિદ્ધ કરો તેવું બધાં જ સ્વરૂપોને રહે છે. રોજ સવાર પડે ને પ્રથમ યાદ કરી લેવું કે, હું એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આવી છું. હંમેશા ઉમળકા સાથે આ અભીપ્સા રાખવી.

બેને આપણને શીખવ્યું છે કે, સૌમાં મહારાજ જુઓ. બેને હરેક પ્રસંગે– 'મહારાજ તમે જ છો' તેમ કર્યું તો સ્વરહિત બની ગયાં. આપણે એક હોંશિયારી શીખી લેવી છે કે સૌ પાસે નમતા રહીએ ને મૂકી દઈએ. આટલું શીખી લઈશું તો ક્યારેય આપણી શાંતિ ભેદાશે નહીં. બરાબરને...

**આશીર્દાન પ.પૂ.બેન :** મહાપૂજા ખૂબ ચમત્કારિક છે. સૌને મહાપૂજાની માનતાથી શાંતિ શાંતિ થઈ જાય છે. પપ્પાજીને કરોડો વંદન કે આવી નિષ્કામ મહાપૂજા શરૂ કરાવી. મુક્તોનાં નામ લેવાથી બળ મળી જાય. ને બળ મળતા અક્ષરધામનું સુખ વધતું જાય. પપ્પાજીનો ઉપકાર ભૂલાય તેમ નથી. મહાપૂજાથી હૃદયમાં પલટો આવે છે. એકાંતિકપણું સિદ્ધ થાય ને પરમ ભાગવત સંત બની જવાય. તો મુક્તોને સંભાર્યા કરવા.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** મહારાજ અનાદિ મુક્તોને લઈને અનંતના કલ્યાણ કરવા પધાર્યા. બેન તેમાંના એક છે. બેન યુગાન્ડા હતાં ત્યારે જે ભક્તો હતા તેને પાકી દ્રઢ નિષ્ઠા કરાવી. બેનની પકડ મજબૂત– છેક અક્ષરધામમાં પહોંચાડે તેવી. આફ્રિકાથી ઈદી અમીને બધાને કાઢ્યા ને બેનની દ્રષ્ટિવાળા જે જે ઈંગ્લેન્ડમાં જઈને વસ્યા તે બધાય તન, મન, ધન, આત્માથી અક્ષરધામનું સુખ લઈ રહ્યાં છે. બેને બધાની મહાપૂજા કરીને મહારાજની અસાધારણ સેવા બજાવી છે. સૌ પ્રગતિ કરતાં ચૈતન્યો છે તેવું મનાય તેવું જીવન બન્યું. અત્યારે સત્યુગ પ્રવર્તી રહ્યો છે. બેનના આશીર્વાદ સૌને પ્રાપ્ત થાય ને અક્ષરધામનું

સુખ સદાય અનુભવે તેવી બેનને પ્રાર્થના છે.

* ગુણાતીત સમાજના સર્વમાન્ય ગુણાતીત સ્વરૂપ પ.પૂ.બેનને ૧૦૮મું વર્ષ પૂરું થયું તેના આનંદમાં હાં હાં ગડથલરૂપે ગુણાતીત જ્યોતના સર્વ સાધક બહેનોએ વર્ષ દરમ્યાન તેમ જ વિશેષમાં તા.૮, ૯, ૧૦, ૧૧ જુલાઈના વિધ વિધ પ્રકારે ભક્તિ અર્પણ કરી. સ્વાગતભાવ સહ માહાત્મ્ય, સ્મૃતિ, પરાવાણીનું મનન, સાંસ્કૃતિક કાર્યક્રમ, લાક્ષણિક અનુભવો, ભાવાર્પણ અને આશિષપ્રસાદ માણ્યો. જાણે ચાર દિવસ સૌએ અક્ષરધામનો આનંદ માણી પ્રાર્થનાભાવમાં ચિદાકાશીસફર માણી હોય તેવી અનુભૂતિઓ કરી.

પ.પૂ.દિવ્ય બેનનો ૧૦૮મો પ્રાટ્યપર્વ આપણે ૨૦૨૩માં ભવ્ય રીતે ઉજવવાના છીએ. ત્યારે આપણે સૌ આ ઉત્સવનો લાભ લઈશું.

## તા.૫.૭.૨૦૨૨ : રક્ષાપ્રસાદીની મહાપૂજા

તા.૫.૭.૨૦૨૨ના સ્વરૂપોના સાંનિધ્યે પપ્પાજી હૉલમાં પૂ.કલ્પુબેન દવે અને પૂ.શારદાબેન ડઢાણિયાએ વિધિસર મહાપૂજા કરી. સંકલ્પ, ધૂન, આશિષપત્રનું વાંચન કર્યું. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજને હાર અને પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેનને રક્ષાગુચ્છ અર્પણ કર્યાં. ત્યારદબાદ સ્વરૂપોના આશિષ લીધા તેના સારનો સ્વાધ્યાય કરીએ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** પપ્પાજીએ કેટલી બધી કૃપા કરી કે, પોતે મનુષ્યરૂપમાં પૃથ્વી પર પધાર્યા ને આપણને ઓળખાઈ ગયા ને આપણને અંદરમાં મનાવી દીધું. બીજી કૃપા કે, સદ્‌ગુરુ સ્વરૂપો આપણને ઓળખાઈ ગયા ને તે પણ અંદરમાં મનાવી દીધું.

પપ્પાજીએ આ રક્ષાબંધનનો સમૈયો શરૂ કરાવ્યો, બહેનો, ભજન કરતાં કરતાં રાખડી કરે છે. આ રાખડી જ્યાં જ્યાં જાય ત્યાં પ્રભુ એ સૌ ભક્તોની રક્ષા કરે. તન, મન, ધન, આત્માથી સૌની રક્ષા થાય. બધા ભાવથી આ રક્ષા ગ્રહણ કરજો. આખું વર્ષ રક્ષાની આણ મળી રહે તેવા હેતુથી પપ્પાજી રાખડી પૂજામાં રખાવતા. બસ પ્રભુને આગળ રાખીને કાર્ય કરીએ. હે મહારાજ! બધાની તબિયત સરસ રાખજો. તન, મન, ધન, આત્માથી રક્ષા કરજો. સુખી રાખજો. કોઈને દેશકાળ લાગે નહીં. અભાવ, અવગુણમાં પડે નહીં, સૌ અક્ષરધામનું સુખ પ્રાપ્ત કરે ને ભોગવે તેવા હે પપ્પાજી તમે આશીર્વાદ આપજો એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** આજે રાખડીની મહાપૂજા કરી. ખૂબ આનંદ થયો. આશીર્વાદમાં લખ્યું છે કે પ્રત્યક્ષની પ્રાપ્તિ એ જ પૂર્ણાહુતિ. તેમાં બધું જ આવી ગયું. ગુરુની આજ્ઞામાં રહીશું તો ભગવાનનું સુખ આવશે ને રક્ષા ય થશે. જેમ પપ્પાજી સર્વોપરી તેમ સંબંધવાળા મુક્તોય સર્વોપરી છે તેવું માનીશું તો પ્રાપ્તિ થતા વાર નહીં લાગે. ખરેખર આપણે કાંઈ કરવાનું નથી. મળ્યા છે તે જ પૂરું કરી આપવાના છે. માટે આનંદ કર્યા કરીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** ૮.૮.૧૯૬૪ની સાલમાં તારદેવમાં નિષ્કામભાવની મહાપૂજા શરૂ થયેલી. નોકરી જોઈએ. બીમારી દૂર કરવા, ધંધા, વિવાહ વગેરે દરેક કંઈક કંઈક માટે માનતા માની મહાપૂજા કરાવતા. આવી આલોકની માંગણીઓ માટે અત્યાર સુધી આવી આવી મહાપૂજા ચાલી. અત્યારે આપણે શું માગવું તેવું ઉગ્યું. તે સૂઝ આપણને આવા મોટેરાં બહેનોએ પાડી. માટે એકાંતિકનો પ્રસંગ કરી લેવો. જેથી યથાર્થ સ્વરૂપનિષ્ઠા થઈ જાય. આપણા સ્વભાવ, પ્રકૃતિનું રૂપાંતર કરે, માન, સ્વાદ, સ્નેહ, લોભ, કામ ખોદે ત્યારે ગુણ લેવાય તે માટે મહાપૂજા શરૂ કરી. દેશ-પરદેશમાં જેટલા મુક્તો છે તેમનાં નામ લઈને ગુરુઓ મહાપૂજા કરે છે. ને બળને પમાડે છે. મહાપૂજા ખરેખર ખૂબ ચમત્કારિક છે. તો સુખે સુખે આનંદે આખોય ગુણાતીત સમાજ ભગવાનમાં રહેતો થઈ જાય ને મોટેરાં જેવું સુખ આનંદ ભર્યા માર્ગે ભોગવતો થઈ જાય એ જ પ્રાર્થના.

આશિષ બાદ સ્વરૂપોએ રાખડીઓમાં ગુરુહરિ પપ્પાજી મહારાજની પ્રસાદીની રક્ષા દ્વારા બધી જ રાખડીઓને સ્પર્શ આપી તેમ જ પોતાના હસ્તકમળનો સ્પર્શ આપી દૈવત પૂર્યું. સર્વની રક્ષા થાય તેવા જયઘોષ સાથે મહાપૂજાનું સમાપન થયું.

## તા.૧૩.૭.૨૦૨૨ : ગુરુપૂનમની ઉજવણી

આજે ગુરુપૂર્ણિમાનો દિવસ. ગુરુહરિ પપ્પાજી મહારાજ ગુરુભક્તિ વિષે કહેતા કે, દૂધમાં સાકર નાખતા જેમ ભળી જાય છે તેમ ગુરુની હા એ હા ને ના એ ના રાખી તેમની સાથે એકરૂપ બની જઈએ...

આવા એકરૂપ થયેલા ગુરુસ્વરૂપોની આપણને પ્રાપ્તિ થઈ છે. તો તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવા વિચાર, વાણી, વર્તનથી પ્રત્યેક પળે ગુરુપૂજન કરીએ એવું પપ્પાજી અને ગુરુસ્વરૂપો બળ આપે એ જ પ્રાર્થના.

સૌ ભક્તો તેમ જ સાધકોએ પ્રભુકૃપા મહાતીર્થનાં દર્શન કરી ગુરુઓનું દર્શન અને પૂજન કરી સૌએ સભર હૈયે પપ્પાજી હૉલમાં સ્થાન લીધું.

સભા સંચાલિકા પૂ.બકુબેને આજના પર્વનું તેમ જ તેમાં મહારાજ અને ગુણાતીતની પ્રાપ્તિ અને તેઓની જીવનશૈલીનું માહાત્મ્યગાન કરી ગુરુવંદના કરી – ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન ઉંચેરું છે. બહુ દૂરની વાત નહીં ૨૫૦ વર્ષ પહેલાની જ લઈએ તો આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી રામાનંદસ્વામીને ગુરુપદે સ્વીકાર્યા. ઐશ્વર્ય પ્રતાપના સ્વયં ધારક હતા છતાં આદર્શ શિષ્યનો દાખલો બેસાડવા, થનારા શિષ્યગણને કેમ વર્તવું તેની શીખ વર્તને આપી. ગુણાતીત શિષ્ય પરંપરામાં તે જીવનદોરી બની રહી.

ગુરુહરિ પપ્પાજીમહારાજે યોગીમહારાજને ગુરુપદે સ્વીકાર્યા તે પળથી તે કહે તે વિધિ બાકીનાનો નિષેધ. બુદ્ધિને કોરાણે મૂકી દાસપણું સ્વીકાર્યું. ગુરુની વીસે વીસ કરી તન, મનના સમર્પણેયુક્તની દાસત્વભક્તિનું અદ્‌ભુત દર્શન કરાવ્યું છે. એમનું જીવન જ પ્રત્યેક મુમુક્ષુ જીવ માટે પ્રેરણા છે.

એવા જ આપણા આ પપ્પાજીસ્વરૂપો અનેકના ગુરુપદે બિરાજ્યા છે. છતાં ‘હું કાંઈ નથી’ એવી ગુણાતીત અવસ્થામાં વિચરે છે. અહંશૂન્ય ભાવે વર્તે છે. જેનો અનુભવ આપ સૌએ કર્યો છે. ગુણાતીત સમાજના ઉદ્‌ભવપૂર્વેની ક્રાંતિના ઈતિહાસમાં યશ-અપયશ અપમાન-માન અસંદિગ્ધ વાક્‌બાણ, બેહુદી વાયકાઓ, અનેક વિઘ્નો, આસુરી માયાનું તાંડવ ઝીલતા ઝીલતા, સ્થિતપ્રજ્ઞતાના શિખરે બિરાજ્યા છે. કસોટી ઘણી આવી છે. પણ પપ્પાજીના આશ્રયે, પપ્પાજીના બળે, પપ્પાજી પ્રત્યેની સતત નજરે માયા પાર થઈ ગયા ને સંબંધમાં આવેલા ને આવનારનું પણ એવું જતન ને ઘડતર કરી, પપ્પાજીના ચરણે મૂકવાના, નિષ્ઠામાં દ્રઢ કરવાની પરાભક્તિ અમાનિત્વમ્ ભાવે કરે છે. તો આપણે સમસ્ત ભક્તજનો એ જે વચન કહે એમાં મનથી સંપૂર્ણ સ્વીકાર કરીએ. એ જે આજ્ઞા આપે એને નિશંક થઈ પાળી લઈએ. ત્યારબાદ સમૂહમાં પંચાંગે પ્રણામ કરી, પ્રાર્થનાભાવ ધરી, ગુરુવંદના કરી.

ત્યારબાદ પૂ.સ્મૃતિબેન દવે રચિત ‘ગુરુહરિ મળિયા એમણે ગુરુ આપિયા...’ ભજન ગવાયું. ત્યારબાદ ગુરુહરિ અને ગુરુઓને પૂજનભાવ ધર્યા. અને તેઓના માહત્મ્યભાવને વર્ણવતા તેને અનુરૂપ ભજનની ટુક ગાઈને આશિષ લીધા તેનો સાર માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** ગુરુપૂર્ણિમાનો દિવસ અનાદિ કાળથી ચાલતો આવ્યો છે. આલોક ને પરલોક બેયમાં ગુરુના આશીર્વાદથી કલ્યાણ થઈ જાય. આપણા ગુરુ ગુણાતીત. એ આવ્યા ને મહારાજને ઓળખાવ્યા. જે જીવને પકડે તેને અહંતા-મમતાથી પર કરી મહારાજને સોંપે. આપણને એવા ગુણાતીત ગુરુ જોગીમહારાજ મળ્યા. ભવ્યાતીભવ્ય કલ્પના બહારનું સ્વરૂપ. એનો ઉપકાર આજે માન્યા વગર રહેવાય નહીં. જોગીના, ગુરુના થઈને જીવવું એટલે શું ? દરેક જણ ધ્યાન રાખો. ખાસ આજે ગુરુપૂનમના દિવસે જોગીમહારાજને જે ગમતું તે જ કરીએ. ડહાપણ અને ભોળપણ બેય મૂકી દઈ, મૂંઝવણ, વિક્ષેપ, અભાવના વિચારમાં ટકવું નથી. ના ટકવા માટે સેવા કરો, જપયજ્ઞ કરો.

જોગીના સંબંધવાળા ગમતા કે ન ગમતા બધાયની સ્વધર્મેયુક્ત માહાત્મ્યસભર સેવા કર્યા કરવી. એ આપણું જીવન હોય. ઘસારાની વાત ન કરવી. ઘસારાનું બોલે તે કુસંગી. તેની સાથે આપણે શું કામ છે ? મેં એ વાત રાખી. ગમે તેવો મોટો હોય પણ અભાવની વાત ચાલવા જ ના દઉં. તો સુખિયા થઈ ગયા.

કોઈપણ સંબંધવાળો સ્વધર્મ ચૂકતો લાગે ત્યાં બાપાને પ્રાર્થના કરીએ. આ ચાર નિયમ પ્રમાણે ચાતુર્માસમાં જીવીએ. તે દેવઉઠી એકાદશી સુધીમાં સિધ્ધ થઈ જાય. એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.સોનાબા** : અમારા પી.કે.મંડળના પ્રત્યક્ષ પ્રભુને જય સ્વામિનારાયણ. બધાય મુક્તો તૈયાર થઈ ગયા છે. એક ગુરુનું વચન ને બીજું એમની સ્મૃતિ કરીશું તો ગુરુના ગુણ મળી જશે. આવું સ્વરૂપ હાથમાં આવી ગયું ! હવે એક નિયમ લેવો- અભાવ ન લઈએ. ઉઠીએ ત્યારથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ કર્યા કરીએ. આપણું ચૈતન્ય શુદ્ધ કરવું છે તો એવો નિયમ લેવો. 'અમે જીવ, તમે જગદીશ. તમે રાજી થઈને પપ્પાજી આપ્યા, મોટેરાં બહેનો આપ્યા છે. તો રાજી થઈને અમારા ચૈતન્ય શુદ્ધ કરી દેજો' એવી પ્રાર્થના કર્યા કરવી.

**આશીર્દાન પ.પૂ.દીદી** : કેટલી બધી ગુરુપૂનમનો આનંદ લીધો છે. ને આશીર્વાદ મેળવ્યા છે. મને પપ્પાજી પાસે આશીર્વાદ લખાવવાનો શોખ. તો ૧૯૬૩માં ગુરુપૂનમે ડાયરીમાં આશીર્વાદ લખી આપ્યા. મને તો ખૂબ આનંદ થયો. કેફમાં ને કેફમાં વર્તવાનું ભૂલી ગઈ. પપ્પાજી જોઈ રહ્યા હતા. બીજી ગુરુપૂનમે ૧૯૬૪માં ફરી ડાયરી આપી ને પપ્પાજીએ લખ્યું કે, જે લખ્યું છે તે જીવી તો નહીં....' ને પરિતાપરૂપે મને ધારણા પારણા કરવાની આજ્ઞા આપી. એમની તાકાત તો જાગ્રતતા રહી ને તે રીતે વર્તી શકાયું.

તે જે વચન આપે છે તે ચૈતન્યનું દર્શન કરીને આપે છે. એ વચન આપે તે પ્રમાણે જીવીએ તો એકાંતિક ધર્મ સિદ્ધ કરવામાં કાંઈ બાકી ન રહે. દરેકને પપ્પાજીએ કાંઈક આજ્ઞા આપી છે. તે પાળવાનું નક્કી કરવાનો આજનો દિવસ છે. સમૈયામાં આવીએ ત્યારે પપ્પાજીએ શું કહ્યું? સભામાં શું વાત થઈ ? તેમાંથી કંઈક લઈને જવું છે.

આપણને બધાને એમ જ હોય કે પપ્પાજીનું ગમતું જ કરવું છે. એકવાર પપ્પાજીને પૂછ્યું કે, 'તમને શું નથી ગમતું ?' તો કહે, 'ગર્વ.' એના આધારે તો જીવીએ છીએ. જ્યારે એ ગર્વ કોઈ સાથે સરખામણી કરાવે ત્યાં ધ્યાન રાખીએ. પપ્પાજી આપણી કેટલી બધી શરતો માન્ય રાખીને પોતાની રીતે વર્તાવે છે ! તે આપણે ભાગ્યશાળી. એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવા એ મંડ્યા છે. તો આપણે કરી લેવું છે. પપ્પાજી ખૂબ સમર્થ છે. સૌને સૌની રીતે શક્તિ આપે છે, સૂઝ આપે છે, પ્રસંગ ગોઠવે છે. આપણે જાગ્રત રહેવું પડે. કારણ કે મારે પર જવું છે. સંપ, સુહૃદભાવ, એકતા એ આપણું બ્રહ્મવાક્ય છે. તે નજર સમક્ષ રાખીએ.

હે પપ્પાજી ! આપ તો નિરંતર આઠે પોર જુવો છો, જાણો છો, સ્વીકારો છો, બદલો છો. તે તમારી કૃપા છે. તો અમે તમારા વચનનું મૂલ્ય સમજી તમારું સાચું ભવિષ્ય બની રહીએ તેવી કૃપા કરજો.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન** : ગુરુપૂનમ એ સરસ શબ્દ ! ગુરુ શબ્દ બોલતા સૌનાં હૈયામાં પોરહાટ જુદો આવી જાય. જોગીમહારાજે અસીમ કૃપા કરી પપ્પાજી આપ્યા, મોટેરાં બહેનો આપ્યા. બ્રહ્મસમાજમાં જે જરૂરિયાત તે બધું પૂરું પાડ્યું. સંતો, બહેનો, યુવકો, ગૃહસ્થો આપ્યા. તેઓએ વિશ્વમાં સ્વામિનારાયણ ધર્મ પ્રસાર્યો.

નિરંતર પ્રાપ્તિના કેફમાં રહીએ. છતાં પણ ગુરુ પાસે આપણે કાંઈ નથી. હે પ્રભુ ! જે કાંઈ છે તે આપ છો. આપની શક્તિ છે. આપના ઐશ્વર્ય પ્રતાપ છે. મારામાં કોઈ જાતનો ગર્વ, અહંકાર, માયા આવે જ નહીં. એવી હે ગુરુજી, તમે રક્ષા કરજો. અમારી અમારાથી રક્ષા કરજો. તમે જે કંઈ વચન આપ્યાં છે તે અમારા જીવનમાં વર્તન બનીને રહે. ધામ, ધામી ને મુક્ત સત્ય છે. તે જે કરે તે દિવ્ય. દિવ્ય મને નથી મનાતું તે મારો દોષ છે. સામાનો નથી. આપણું જ્ઞાન સચોટ છે. કર્તાહર્તા પ્રભુ છે. તેનો અનુભવ કરીએ છીએ. સામાને દિવ્ય માનવું તે કેટલી વીશે સો કરીએ ત્યારે થાય છે. મૂકવાનું આવે ત્યારે તેના કરતા મરવું સારું લાગે. પણ પપ્પાજી આગળ લઈ જ રહ્યા છે. શુદ્ધિકરણ કર્યા જ કરે છે. તો હે પપ્પાજી ! તમે કૃપા કરીને ગ્રહણ કર્યા તે કૃપા નિરંતર વરસાવ્યા કરો.

દિવસે દિવસે બ્રહ્મતનુ થતું જાય છે. અમારા જીવનમાં દાસત્વપણું રહે તેવું બળ પ્રભુ આપે તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** સંબંધવાળામાં મહારાજ જોવા જ છે. પપ્પાજીએ એ વાક્ય આપ્યું. દીદીએ કહ્યું, 'તમારી સામે જે આવે તેને ભગવાનનું સ્વરૂપ માનજો.' પપ્પાજીએ બહુ કૃપા કરી પહેલા આ ચાર બહેનો તૈયાર કર્યા. એમણે આખો ગુણાતીત સમાજ તૈયાર કર્યો. તમારી સામે નજર રાખીને જીવવું છે. કહો એમ કરી લેવું છે. સુહૃદભાવ રાખી જીવવું છે. ભગવાન તો ક્યારેય થવું નથી. પણ મુક્તોના ય દાસ થઈને રહેવું છે. પ્રાર્થના આપણું જીવન બને. મૂળ વૃત્તિ ઉખેડવાનો આપણો સત્સંગ છે. એમાં આપણને પસંદ કર્યા. તો હે સ્વરૂપો ! દાસનાય દાસ થઈને રહીએ. સંબંધવાળામાં મહારાજ જોઈ સેવા કરીએ. એવું કરવાનું ખૂબ બળ આપજો.

**પૂ.પીયૂષભાઈ પનારા :** ગુરુહરિ પપ્પાજીમહારાજ ના મળ્યા હોત તો આપણા જીવનની કલ્પના ના કરી શકાત. પપ્પાજીએ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરાવનારા ગુરુની ભેટ આપી તે પપ્પાજી મહારાજની સર્વોપરીતા છે. ડગલે ને પગલે બધાને આગળ લઈ રહ્યા છે. પપ્પાજી કહેતા કે, બધા પ્રગતિ કરતા ચૈતન્યો છે. આવો બ્રહ્મનિયંત્રિત બ્રહ્મસમાજ સ્થાપી દીધો. એમાં એન્ટ્રી મળવી તે બહુ જ મોટા નસીબની વાત છે.

૧૯૯૨માં પપ્પાજી સુરત પધારવાના હતા. ખૂબ વરસાદ ને વાવાઝોડુ હતું. પપ્પાજીએ નીવડેલા સંતો, વડીલો સેન્ટર પર મૂક્યા છે. અમે બહેનોને પૂછયું કે, પપ્પાજીનો પ્રોગ્રામ બંધ કરવો છે ? તો કહે ના ના, એમને આવવા દો. આપણને પપ્પાજીના દર્શન ક્યાંથી! એ આવશે તો બધું સરસ થઈ જ જશે. પછી પપ્પાજી સુરત પધાર્યા. બધું સરસ થઈ ગયું. મેં પપ્પાજીને પૂછયું કે 'જે ખપવાળા હોય તે જ દર્શન કરવા આવે તે માટે આવું વાતાવરણ તમે સર્જ્યું ?' તો પપ્પાજી કહે, 'ખપ કોને છે ? ખપ તો આપણે ઉગાડીએ છીએ.' આ એમની સમર્થતા ! આપણું કોઈ સાધન કામ લાગતું નથી. આ બ્રહ્મના સ્વરૂપો પપ્પાજીએ આપ્યા છે. બ્રહ્મનિયંત્રિત બ્રહ્મસમાજ એ શબ્દ પપ્પાજીએ આપેલો છે. પછી કોઈ મુક્ત કઈ રીતે પોતાની રીતે વર્તી શકે ?

આપણને આ પ્રાપ્તિ ના હોય ! તો ક્યારેય મોળા વિચાર ન કરવા. કાંઈ બનતું હોય ત્યારે ધીરજ રાખીએ. સમય પસાર થયા પછી લાગશે કે કાંઈ હતું જ નહીં. ને આપણે કાંઈ નહીં માગીએ તો ય આપતા જ રહેશે.

હે પપ્પાજીમહારાજ ! તમે ગુણાતીત જ્યોત અને પ્રકાશનું સર્જન કર્યું છે. એ માટે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવાની છે. અમારા મનને અમારી સાધના તરફ, ગુરુ તરફ કેમ ન રાખી શકીએ ? તમે જે હેતુ માટે તમારા શરણે લીધા છે, દ્રષ્ટિ કરી છે તે સાર્થક કરીએ. અમે સાચા અર્થમાં ગુણાતીત પ્રકાશ બની રહીએ. તે માટે જીવવાનું બળ આપો એ જ પ્રાર્થના.

**પૂ.ડૉ.નીલમબેન :** આજે ગુરુએ માગવાનો દિવસ. પપ્પાજી દર ગુરુપૂનમે એકલવ્યની વાત કરે. તમને જે મૂંઝવે છે તે દેહભાવ મને આપી દો. એમને આપણે દિલથી કહી શકીએ કે, તમે જે માગો તે આપી દઈએ. આપણા સત્સંગમાં ગુરુ ને ગુરુહરિ બે ય છે. જ્ઞાન જે આપણને પચ્યું છે તે ગુરુની કૃપા છે. પપ્પાજી ૨૪ કલાક આ ગુરુઓ અને જોગીમહારાજના ગુણ ગાય. ક્યારેય પોતાની વાત નથી કરી. એ પપ્પાજી !

એકવાર મેં પૂછયું, 'તમે શું સર્વસ્વ આપ્યું ?' પપ્પાજી કહે, 'આ ચાર બહેનો એ મારું સર્વસ્વ એ તમને આપ્યું છે.'

આજે પપ્પાજીને પ્રાર્થના કરીએ કે હે પપ્પાજી ! અમે એવું જીવન જીવીએ કે તમે સામેથી જે આપવું હોય તે આપો. અક્ષરપુરુષોત્તમનો સિધ્ધાંત જ દાસત્વભક્તિ. આપણને આ ગુરુની જે પ્રાપ્તિ છે તે ખૂબ અદ્‌ભુત છે. મારી સાધના દરમ્યાન દુઃખભર્યું એવું કોઈ સ્પંદન થયું હોય તેવું યાદ નથી. પપ્પાજીએ જીવનદર્શનમાં બોચાસણની ગુરુપૂનમની વાત લખી છે તે પપ્પાજીની અદ્‌ભુત પ્રીતિ. પપ્પાજીની લગન, તૃષા, જીજીવિશા કે ભગવાનમાં જોડાવું છે તેનું કામ કરવું છે. તેના ફળસ્વરૂપે આપણે આનંદ કરીએ છીએ... આપણે હાર સ્વીકારવા આવ્યા છીએ. તમને શું જોઈએ

છે ? તમારી પ્રીતિ એવી છે કે તમારી રીતે વર્તાય જાય છે. ન વર્તાય ત્યાં દુઃખ થઈ જાય છે. તમારું ગમતું કરવું છે તેવું તમે ઉગાડ્યું છે.

પપ્પાજીની સર્વોપરીતા ને કલ્યાણ કરવાની કેવી ભાવના તેનો મારો એક પ્રસંગ છે. અત્યારે યાદ કરું ત્યારે ખ્યાલ આવે છે કે કેટલી કરુણા ! ૧૯૮૦માં મારે વ્રત લેવાનું હતું. પપ્પાજી કહે, 'ઘરે જવાનું ને ફોર્મમાં સહી કરાવવાની છે.' ને હું ગઈ. ફાધરે સાઈન કરવાની ના પાડી દીધી. મેં ઘણી આર્ગ્યુમેન્ટ કરી પણ માન્યા નહીં. પછી તો હું રાતની ટ્રેનમાં અહીં આવવા નીકળી ત્યારે મનમાં વિચારોનું યુદ્ધ ચાલે. સવારે વિદ્યાનગર જ્યોતમાં આવી ત્યારે પ્રભુકૃપા પાસે પપ્પાજી ઊભા જ હતા ને તેમના દર્શને શાંતિ થઈ ગઈ... પપ્પાજીએ મારા ફોર્મમાં સહી કરી દીધી ને કહે 'આજથી હું તારો બાપ. મારા પેન્સનમાંથી અડધું તારું. ચિંતા ના કરીશ.' ત્યારપછી તો ઘર સાથે કોઈ સંબંધ ન હતો.

૨૦૦૩માં ગુરુપૂર્ણિમા ઉજવવા આખો સમાજ આવ્યો હતો. તે વખતે મારા ફાધર બીમાર હતા ને ઘરે લગ્ન પ્રસંગમાં બોલાવતા હતા. પપ્પાજીએ મને મુંબઈ મોકલવાની ગોઠવણ કરી. મારા ફાધર હૉસ્પિટલમાં હતા. ત્યાં અમે ગયા. મારા ફાધરે જે ૨૪ વર્ષ પહેલા જવાબદારી લેવાની ના પાડેલી તે પરીતાપ સાથે વાત કરતા હતા કે તારી જવાબદારી ભાઈને સોંપી છે ને તું સુખેથી ભગવાન ભજ. ને રાત્રે તો ધામમાં ગયા. પપ્પાજીની કરુણા તો જુઓ ! મારે તો મુંબઈ જવું જ ન હતું. પપ્પાજીએ જ બધી ગોઠવણ કરી ને ફાધરની અંતઘડીએ શુદ્ધ ચૈતન્ય બનાવી દીધું. ને અક્ષરધામના અધિકારી બનાવી દીધા. આ તેમની કરુણા ! નાના નાના પ્રસંગો શાંતિથી વિચારીએ ત્યારે પપ્પાજીની સર્વોપરીતા સમજાય. પપ્પાજીએ એવા જ ભવ્ય સ્વરૂપો ઘડ્યા છે. તેઓ ભજન કરે છે તેના પરિણામે ગુણાતીતભાવ પામવા માટે ઉદ્યમ કરીએ છીએ. એવા ગૃહસ્થો તૈયાર કર્યા. એમને પણ આ સ્વરૂપોએ મોટા માન્યા છે. એક જ જ્ઞાન છે તમે સર્વોપરી, અંતર્યામી, દિવ્ય છો તેવું માનીએ. તમે સામેથી અમારી પાસે માગો એવા અમે થઈ જઈએ.

**પૂ.વિરેનભાઈ :** આજે જે વાતો થઈ તે સાંભળીને ખૂબ આનંદ થાય છે. આ સ્વરૂપોના સાંનિધ્યમાં બેસીને દર્શન કર્યા કરીએ તે ય બહુ નસીબ છે. કદાચ એકની એક વાત કે સ્મૃતિઓ ઘણી વાર સાંભળી છે તો ય ગમે છે. દીદીએ કહ્યું તેમ અહીં બેસીને બધાના દર્શન થાય છે. આ સત્સંગમાં પડી રહ્યા, એની દ્રષ્ટિને પામ્યા એ અગત્યની વાત છે. એના હાથનો પ્રસાદ કેટલી વાર મળ્યો છે. સેવાની તક મળી છે. આજે ગુરુપૂનમ છે. પણ આપણે તો દેનાર પાર્ટી નહીં પણ લેનાર પાર્ટી છીએ. આશીર્વાદ લીધા જ કરીએ છીએ. અમારું જે કંઈ લેવાનું છે તે તમે લઈ શકો તેવા અમારા તંત્ર પણ તમે જ કરી આપશો તેવી ખાત્રી છે.

અંતમાં ગુરુઓના સૌ પ્રથમ ભાઈઓએ અને પછી બહેનોએ દર્શન, પાયલાગણ કરી પોતાના ગુરુદક્ષિણાભાવ અર્પણ કર્યાં બાદ સભાનું સમાપન થયું.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**✱ બોરીવલીના નિષ્ઠાવાન સત્સંગી પૂ.હીરેનભાઈ ઉદાણી તા.૧૯.૬.૨૦૨૨ના અક્ષરનિવાસી થયા છે.**



હીરેનભાઈને નાની વયે મોટી બીમારી આવી ને અક્ષરનિવાસી થયા. સ્વામિનારાયણ ભગવાન, ગુરુહરિ પપ્પાજી ને પ.પૂ.દેવીબેનની ખૂબ નિષ્ઠા હીરેનભાઈને હતી. દર પૂનમે વિદ્યાનગર પપ્પાજી અને દેવીબેનના તથા વડતાલ મંદિરે મહારાજનાં દર્શન કરવા આવતા હતા. તેઓની જ્યારે સ્ટીલના વાસણોની ફેક્ટરી હતી ત્યારે જ્યોતમાં ખૂબ સેવા કરી છે. તેમના માતુશ્રી પૂ.રમાબેનને પપ્પાજી અને દેવીબેનની દ્રઢ નિષ્ઠા તો દીકરાઓને એ વારસો આપ્યો. તેવી જ રીતે હીરેનભાઈએ એ નિષ્ઠા પત્ની દીપાબેન અને પુત્ર માનવભાઈને આપ્યો. માનવભાઈએ ખૂબ કપરા સંજોગોમાં ખૂબ હિંમત રાખી, પપ્પાજી અને દેવીબેનને પ્રાર્થના કરી કે, મને ને મમ્મીને ખૂબ બળ આપજો. સ્વામિશ્રીજી અને ગુરુહરિ પપ્પાજી હીરેનભાઈના આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે

અને કુટુંબીજનોને ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

*** ગેજના નિષ્ઠાવાન સત્સંગી પૂ.મનુભાઈ પટેલ તા.૨૨.૬.૨૦૨૨ના અક્ષરનિવાસી થયા છે.**

ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.અક્ષરવિહારીસ્વામીજી વિશે મનુભાઈને અનન્ય નિષ્ઠા હતી. ગેજ ગામના મુક્તોને ને આજુબાજુના ગામોમાં મનુભાઈ વિશે ખૂબ ભાવ હતો. તેઓને ખરેખર ખોટ પડી છે. તેઓએ કુટુંબના સભ્યોને તો સત્સંગનો વારસો આપ્યો પણ મંડળને પણ સંતો અને બહેનોનું માહાત્મ્ય ગાઈને લીલુંછમ રાખતા. વળી પોતાની એકની એક દીકરી પૂ.સંગીતાબેનને ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજવા મોકલી.



૧૯૮૧-૮૨ની સાલમાં ઉકાઈ શિબિર થઈ હતી ત્યારે તેઓ પૂ.દિનકરભાઈ દેસાઈના યોગમાં આવ્યા ને સત્સંગનો રંગ લાગ્યો. તે સમયે ગેજ ગામમાં કોઈ સ્વામિનારાયણ ધર્મ વિશે જાણતું નહોતું. પછી તો સેવા ને કથાવાર્તાનો પ.પૂ.જસુબેન અને પ.પૂ.ગુરુજી સાંકરદાનો લાભ મળતો રહ્યો. ગુરુ તરીકે સ્વીકાર્યા અને ગામમાં બોલાવીને કેટલાયને આ માર્ગે ચડાવ્યાં. આર્થિક પરિસ્થિતિ સામાન્ય હોવા છતાં સંતો, બહેનો તો શું પણ હરિભક્તોની સેવા કરવામાં પણ કસર રાખતા નહીં. તેમના નાનાભાઈ ઠાકોરભાઈ સાથે પણ દિલથી નક્કી કરી લીધું હતું કે, આપણે સેવા કરવામાં પાછીપાની કરવી નથી. પપ્પાજી બધું આપી જ રહેશે.

જ્યારે બ્ર.સ્વ.સોનાબાનો અમૃતપર્વ ઉજવાયો ત્યારે આખા મંડળને લઈ રસોઈના વાસણો ધોવાની જવાબદારી ઉપાડી લીધી હતી. એ જ રીતે ભક્તિઉત્સવ ગુરુહરિ પપ્પાજીનો સાંકરદા ઉજવાયો ત્યારે પપ્પાજીને સ્ટેજ પર લીફ્ટમાં લાવવા માટે ઊંડો ખાડો ખોદવાનો હતો. બધા કાદવ અને માટીથી ભરાઈ ગયા પણ અહોહોભાવે સેવા કરી ને બીજા પાસે કરાવી પુણ્યનું ભાથું ભેગું કરતા જ ગયા. વળી તેઓના જીવનનું મુખ્ય અંગ ઘરસભા કરવી, તો અવશ્ય દરરોજ કરતા. તેઓ છેલ્લા શ્વાસોમાં સ્વામિનારાયણ મંત્ર બોલતા હતા ને પ્રભુએ ધામમાં બોલાવી લીધા. એવા ભક્તરાજ મનુભાઈને અંજલિ અર્પણ કરીએ છીએ.

*** અમદાવાદના મુક્તરાજ પૂ.જયાબેન કાંતિલાલ ગજ્જર તા.૯.૭.૨૦૨૨ના અક્ષરનિવાસી થયાં છે.**

સ્વામિનારાયણ ભગવાને સંબંધયોગ પ્રસરાવ્યો. જેથી સત્સંગીના જોગમાં જે કોઈ આવે તેને પણ સત્સંગનો રંગ લાગે. તે વાત પ્રમાણે અમદાવાદના મહા એકાંતિક ભક્તરાજ પૂ.બિપીનભાઈ ભાવસારના જોગમાં પૂ.કાંતિલાલ ગજ્જર આવ્યા. જેઓએ પૂ.જયંતીભાઈ ગજ્જર સાથે રહી, પ.પૂ.પપ્પાજીના ભક્તિઉત્સવ પર્વમાં મુખ્ય ગેટ બનાવવાની સેવા કરી હતી. તેમના ધર્મપત્ની પૂ.જયાબેન પણ પ.પૂ.જસુબેનની દ્રષ્ટિમાં આવ્યા, રંગાયા ને જતન પામ્યાં. તેઓ પણ નિષ્ઠાવાન, સેવાભાવી ભક્ત. થોડા વર્ષોની બીમારીમાં પણ પ્રભુ ભજનમાં લીન રહ્યાં. પરિવારને કઈ રીતે આર્થિક મદદ થઈ શકે તેના પણ સફળતાપૂર્વકના તેમના પ્રયત્ન રહ્યાં. તે માટે અમેરિકા જઈને સેવા કરી. પરિવારને ભક્તિભાવ અને સેવાનો વારસો આપ્યો એવા જયાબેનને અંજલિ અર્પણ કરીએ છીએ. તેમના આત્માને તથા પરિવારને બળ અને શાંતિ મળે તે માટે પ્રભુચરણે પ્રાર્થના.



## હાર્દિક નિમંત્રણ

*** પ.પૂ.સોનાબાના પ્રાગટ્યદિનની ઉજવણી**

**તા.૩૧.૭.૨૦૨૨, રવિવાર,**

**સવારે ૯:૩૦ થી ૧૧:૩૦**

આ અવસરે સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્થળ : ગુણાતીત જ્યોત, પપ્પાજી હૉલ

મહાપ્રસાદ બાદ વિસર્જન.

## નિર્ણય

* એકાદશી : અષાઢ વદ-૧૧, રવિવાર, તા.૨૪.૭.૨૦૨૨

* પ.પૂ.સોનાબાની પ્રાગટ્યતિથિ :
શ્રાવણ સુદ-૨, શનિવાર, ૩૦.૭.૨૦૨૨

* શ્રી ગુરુ કૃષ્ણજી અદા જયંતી :
શ્રાવણ સુદ-૫, મંગળવાર, ૨.૮.૨૦૨૨

* મહાપૂજા સ્મૃતિદિન, એકાદશી :
શ્રાવણ સુદ-૧૧, સોમવાર, ૮.૮.૨૦૨૨

* રક્ષાબંધન : શ્રાવણ સુદ-૧૫, ગુરુવાર, ૧૧.૮.૨૦૨૨

* પ.પૂ.જ્યોતિબેનનો સ્વરૂપાનુભૂતિદિન :
સોમવાર, ૧૫.૮.૨૦૨૨





રક્ષાપ્રસાદીની મહાપૂજા...




ગુરુપૂર્ણિમા ઉજવણીની સ્મૃતિપળો...
















To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2022-24
Lic Valid Upto: 31.12.2024
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120

સ્વામીશ્રીજી

ગુણાતીત સમાજના
જ્યોતિર્ધર પુરુષોત્તમનાં [illegible] ૧૮-૭-૮૨

આપણને અક્ષરધામ–ગુણાતીત સ્વરૂપમાં બિરાજતા-અક્ષર પુરુષોત્તમનું સ્વરૂપ મફતમાં જ મળ્યું. આપણને ૧ કરોડ રૂપિયાની લોટરી લાગી. ખબર? તેને ખીસામાં મૂકી કે ઘરમાં રાખી = ખાવાપીવા ને મોજ કરવા ખર્ચી ને ખતમ કરી? પછી તે લક્ષ્મીવાળા થઈને = લાભ પામીએ તો?

તેમ મળ્યા તે સ્વરૂપને-યાદ કરી. [illegible] એ સ્વરૂપ ખરચીએ તો ઊંચે પાર પામો. [illegible] તે સાંભળો તેટલા રહે તેને યાદ કરી = માંગો તે મળશે = ને આનંદ થશે. ઉમંગભેર ને સ્વરૂપ લક્ષ્મીવાળા રહીએ બેઠા આ વાતના મનન થયા કરશે.

પપ્પા

Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India